RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 169* Date: 17.04.2021 Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### માત્ર ૧૦ દિવસમાં ડબલ થઇ ગયા કેસ, ભારતમાં અમેરિકા કરતાં પણ સ્થિતિ ભયંકર

## કોરોનાએ મચાવ્યો હાહાકાર: ૨૪ કલાકમાં ૨.૧૬ લાખ નવા કેસ



ન્યુ દિલ્હી,તા.૧૬

દેશમાં કોરોનાવાયરસથી પરિસ્થિતિને સતત ખરાબ થતી જઈ રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં રેકોર્ડ ૨ લાખ ૧૬ હજાર ૬૪૨ કેસ નોંધાયા છે. ગયા વર્ષે સંક્રમણની શરૂઆતથી અત્યારસુધીમાં આ આંકડો એક દિવસમાં સૌથી વધુ નોંધાયેલા કેસનો છે. આ દરમિયાન ૧ લાખ ૧૭ હજાર ૮૨૫ લોકો પણ સ્વસ્થ થયા, જ્યારે ૧૧૮૨ દર્દીનાં મોત થયાં હતાં.

ભારતમાં અમેરિકા કરતાં પણ ખરાબ સ્થિતિ થઈ રહી હોવાનું આંકડાં દર્શાવે છે. ભારતને એક લાખ કેસમાંથી બે લાખ કેસ સુધી પહોંચતા માત્ર ૧૦ દિવસ થયા હતા. તેની સામે અમેરિકાને એક લાખ કેસમાંથી બે લાખ કેસ સુધી પહોંચતા ૨૦ દિવસનો સમય લાગ્યો હતો.

ભારતમાં એક્ટિવ કેસની સંખ્યા પણ ૧૫ લાખને પાર થઈ ગઈ છે. હવે અહીં ૧૫ લાખ ૬૩ હજાર ૫૮૮ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. આના દ્વારા તમે દેશમાં કોરોનાના કહેરનું અનુમાન પણ લગાવી શકો છો. એવું કહેવામાં આવે છે કે વિશ્વના ટોપ-૨૦ સંક્રમિત શહેરોની યાદીમાં ભારતનાં ૧૫ શહેરોનો સમાવેશ થાય છે. પુણે આ યાદીમાં ટોપ પર છે, જ્યારે મુંબઈ બીજા નંબરે છે. સ્થિતિ એવી એ છે કે દેશના ૧૨૦ જેટલા જિલ્લાઓમાં બેડ, ઓક્સિજન, વેન્ટિલેટર જેવી સુવિધાઓની અછત પડી રહી છે.

દેશમાં સૌથી વધુ ૬૧,૬૯૫ નવા દર્દીઓ મહારાષ્ટ્રમાં નોંધાયા છે. ઉત્તરપ્રદેશ બીજા નંબરે રહ્યું. અહીં ૨૨,૩૩૯ લોકો પોઝિટિવ મળી આવ્યા હતા. દિલ્હીમાં ૧૬,૬૯૯, છત્તીસગઢમાં ૧૫,૨૫૬, કર્ણાટકમાં ૧૪,૭૩૮ અને મધ્યપ્રદેશમાં ૧૦,૧૬૬ લોકોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.

મહારાષ્ટ્રમાં ૬૧,૬૯૫ નવા દર્દી મળી આવ્યા હતા. ૫૩,૩૩૫ દર્દી સ્વસ્થ થયા અને ૩૪૯ લોકો મૃત્યુ પામ્યા. રાજ્યમાં અત્યારસુધીમાં ૩૬.૩૯ લાખ લોકો મહામારીની ઝપેટમાં આવી ચૂક્યા છે, તેમાંથી ૨૯.૫૯ લાખ લોકો સાજા થયા છે, જ્યારે ૫૯,૧૫૩ મૃત્યુ પામ્યા છે. હાલમાં અહીં લગભગ ૬.૨૦ લાખ લોકોની સારવાર કરવામાં આવી રહી છે.

ઉત્તરપ્રદેશમાં ૨૨,૩૩૯ લોકોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ૪,૨૨૨ લોકો સાજા થયા અને ૧૦૪ લોકો મૃત્યુ પામ્યા. અત્યારસુધીમાં ૭.૬૬ લાખ લોકોને સંક્રમણ લાગ્યું છે, તેમાંથી ૬.૨૭ લાખ લોકો સાજા થઈ ચૂક્યા છે, જ્યારે ૯,૪૮૦ દર્દી મૃત્યુ પામ્યા હતા. ૧.૨૯ લાખ દર્દીની સારવાર ચાલી રહી છે.

દિલ્હીમાં ૧૬,૬૯૯ લોકો કોરોના પોઝિટિવ આવ્યા હતા. ૧૩,૦૧૪ લોકો સ્વસ્થ થયા અને ૧૧૨ લોકો મૃત્યુ પામ્યા. અહીં અત્યારસુધીમાં ૭.૮૪ લાખ લોકોને સંક્રમણ લાગ્યું છે, તેમાંથી ૭.૧૮ લાખ લોકો સાજા થઈ ચૂક્યા છે, જ્યારે ૧૧૧,૬૫૨ દર્દીએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. અહીં ૫૪,૩૦૯ દર્દી સારવાર લઈ રહ્યા છે.

છત્તીસગઢમાં ૧૫,૨૫૬ લોકો કોરોના પોઝિટિવ મળ્યા હતા. આ દરમિયાન ૯,૬૪૩ લોકો સાજા થયા અને ૧૦૫ લોકો મૃત્યુ પામ્યા. રાજ્યમાં ૧.૨૧ લાખ લોકોની સારવાર ચાલી રહી છે. કુલ ૩.૭૪ લાખ લોકો સાજા થયા છે, જ્યારે કુલ મૃત્યુઆંક ૫,૪૪૨ પર પહોંચી ગયો છે.

મધ્યપ્રદેશમાં ૧૦,૧૬૬ લોકોને કોરોના સંક્રમણ લાગ્યું હતું. ૩,૯૭૦ લોકો સાજા થયા અને ૫૩ લોકો મૃત્યુ પામ્યા. અત્યારસુધીમાં ૩.૭૩ લાખ લોકો મહામારીની ઝપેટ આવી ચૂક્યા છે, તેમાંથી ૩.૧૩ લાખ લોકો સાજા થયા છે, જ્યારે ૪,૩૬૫ દર્દીએ પોતાનો જીવ ગુમાવ્યો. ૫૫,૬૯૪ દર્દી સારવાર લઈ રહ્યા છે.

ગુજરાતમાં કોરોનાના ૮,૧૫૨ કેસ નોંધાયા હતા. ૩,૦૨૩ લોકો સ્વસ્થ થયા અને ૮૧ લોકો મૃત્યુ પામ્યા. અત્યારસુધીમાં ૩.૭૫ લાખ લોકો મહામારીની ઝપેટમાં આવી ચૂક્યા છે, તેમાંથી ૩.૨૬ લાખ લોકો સાજા થયા છે, જ્યારે ૫,૦૭૬ દર્દી મૃત્યુ પામ્યા હતા. અહીં ૪૪,૨૯૮ દર્દી સારવાર લઈ રહ્યા છે.

## તુગલાકી લોકડાઉન લગાવો અને ઘંટી વગાડો આ છે મોદીની રણનીતિ -રાહુલ ગાંધી



ન્યુ દિલ્હી,તા.૧૬

કોરોના વાયરસ સમગ્ર દેશમાં કાળો કહેર વસાવી રહ્યો છે. આજે સતત બીજા દિવસે દેશમાં કોરોના વાયરસના ૨ લાખથી વધુ નવા કેસ નોંધાયા છે અને આ રીતે છેલ્લાં ૩૭ દિવસથી કોરોના ચેપ વધવાની પ્રક્રિયા ચાલુ છે. જે ગતિથી કોરોના વાયરસના કેસ વધી રહ્યા છે, આવામાં ફરી એકવાર લોકડાઉનની શક્યતા દેખાઈ રહી છે. દરમિયાન, કોરોના અંગે કેન્દ્ર સરકારની વ્યૂહરચના કડક છે અને તેણે કોરોના સામેના યુદ્ધમાં સરકારની વ્યૂહરચના શું છે તે ત્રણ પગલામાં જણાવ્યું છે.

રાહુલ ગાંધીએ શુક્રવારે ટ્વિટ કરીને કેન્દ્ર સરકારની કોરોના વ્યૂહરચનાની ઝાટકણી કાઢતા કહ્યું કે કેન્દ્ર સરકાર પાસે ત્રણ વ્યૂહરચના છે. પ્રથમ- તુગલાકી લોકડાઉન મૂકો. બીજું- ઘંટ વગાડો અને ત્રીજો- ભગવાનના ગુણો ગાવો. આપને જણાવી દઈએ કે રાહુલ ગાંધી કોરોના સાથેના વ્યવહારમાં કેન્દ્ર સરકારની નીતિઓ પ્રત્યે ખૂબ આક્રમક રહ્યા છે. આ અગાઉ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ગુરુવારે કોરોના વાયરસના ચેપના કેસમાં થયેલા વધારાને લઈને સરકાર પર નિશાન સાધ્યું હતું અને આરોપ લગાવ્યો હતો કે જરૂરી તબીબી સુવિધાઓના અભાવ વચ્ચે રસીની ઉજવણી એક દગાબાજી છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યા:૮૯૨૦**
**રાજ્યમાં કુલ કેસનો આંકડો**
**પહોંચ્યો : ૩૮૪૬૮૮**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**લોકોનાં મૃત્યુ: ૯૪**
**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**
**દર્દીઓની સંખ્યા :૩૩૮૭**
**ગુજરાતમાં સાજા થયેલા કુલ**
**દર્દીઓની સંખ્યા : ૩૨૯૮૮૧**

## મોદીએ કરી હાઈલેવલ બેઠક, ઑક્સીજનનું ઉત્પાદન વધારવા આપી સલાહ

ન્યુ દિલ્હી,તા.૧૬

દેશમાં કોરોના વાયરસના કેસ સતત વધી રહ્યા છે ત્યારે કેટલાય મોટા શહેરોમાં ઑક્સીજન ઓછું થવાની સમસ્યા ઊભી થઈ છે. રાજ્યો દ્વારા કેન્દ્ર સરકારથી માંગ કરવામાં આવી રહી છે ત્યારે આજે પીએમ મોદીએ હાઈલેવલ બેઠક કરીને સમીક્ષા કરી હતી.



વડાપ્રધાન મોદીના કાર્યાલય દ્વારા જાણકારી આપવામાં આવી કે દેશમાં પર્યાપ્ત મેડિકલ ગ્રેસ ઑક્સીજનની આપૂર્તિને સુનિશ્ચિત કરવા માટે પીએમ મોદીએ સમીક્ષા બેઠક કરી છે. આ બેઠકમાં સ્વાસ્થ, DPIIT, સ્ટલ, સડક પરિવહન જેવા મંત્રાલયો દવા ઈનપુટ આપવામાં આવ્યા જેમાં મંત્રાલયો અને રાજ્ય સરકારો વચ્ચે તાલમેલ કરવા પર ભાર આપવામાં આવ્યો હતો.

પ્રધાનમંત્રી મોદીએ આ બેઠકમાં કોરોના વાયરસથી પ્રભાવિત ૧૨ રાજ્યોમાં આગામી ૧૫ દિવસ સુધી ઑક્સીજનને સંબંધિત સમીક્ષા કરી હતી. પીએમ મોદીએ ઑક્સીજનનું ઉત્પાદન વધારવા માટે સલાહ આપી છે તથા ઑક્સીજન લઈ જતાં ટેક્રો આખા દેશમાં કોઈ પણ બાધા વગર જઈ શકે તે પણ સુનિશ્ચિત કરવામાં આવે. પીએમ મોદીએ દરેક પ્લાન્ટમાં ઑક્સીજનની ક્ષમતાને વધારવા માટે આદેશ આપ્યા છે. સ્ટીલ પ્લાન્ટના ઑક્સીજનને મેડિકલ માટે આપવા મુદ્દે આ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

## કેન્દ્રિય ગૃહ મંત્રાલયે અધિકારીઓને આપ્યો વર્ક ફ્રોમ હોમનો આદેશ

ન્યુ દિલ્હી,તા.૧૬

કોરોના વાયરસ વિશે વસ્તુઓ અનિયંત્રિત બની રહી છે. દરરોજ ૨ લાખથી વધુ કોરોનાના કેસો દેશમાં જાહેર કરવામાં આવ્યા છે. કોરોના ચેપના વધતા કેસ વચ્ચે દિલ્હીમાં રોગચાળો ઝડપથી ફેલાયેલો છે. આ રીતે, સપ્તાહના લૉકડાઉનમાં દિલ્હીમાં મૂકવામાં આવ્યું છે. કોરોનાના વધતા જતા કેસની અસર પણ યુનિયન ગૃહમંત્રાલય (એમએચએ) માં જોવા મળે છે. ગૃહમંત્રાલયે તેના અધિકારીઓને ઘરેથી કામ કરવા આદેશ આપ્યો છે. ગૃહમંત્રાલયે તેના ક્રમમાં કહ્યું છે કે ૫૦ ટકા સ્ટાફ ફક્ત કામ કરવા જઈ શકે છે. ગૃહમંત્રાલયે ઘરેથી ગુરુવારથી કામ કરવાનો વિકલ્પ આપ્યો છે (એપ્રિલ ૧૫). આ ઉપરાંત, ઓફિસ ટાઈમિંગ પણ બદલવામાં આવ્યું છે.

કેન્દ્રીય ગૃહમંત્રાલયે તેના ક્રમમાં કહ્યું છે કે અંડર સેક્રેટરી હેઠળ અને નીચેના સ્તરના અધિકારીઓ હવે ઘરના કામમાં કામ કરશે. જ્યારે ૫૦ ટકા લોકો ઑફિસમાં આવશે. કેન્દ્રીય ગૃહમંત્રાલયે કહ્યું છે કે નાયબ સચિવ અને ઉપલા અધિકારી ૯ થી ૧૦ વાગ્યે જુદી જુદી સમયે ઓફિસમાં આવશે. આ ઓર્ડર ૩૦ એપ્રિલ, ૨૦૨૧ સુધી ચાલુ રહેશે. ગૃહમંત્રાલયે તેના આદેશમાં પણ કહ્યું છે કે જે અધિકારી કે જે કન્ટેનમેન્ટ ઝોનથી આવે છે તે ઘરેથી તેનું કામ પણ કરી શકે છે.

તે આદેશમાં અધિકારીઓને વિવિધ સમયે ઓફીસ આવવા બોલાવવામાં આવે છે કેમકે તેમને લિફ્ટ્સ અને કોરિડોરમાં ઘણી ભીડ ન થાય. લોકો એકબીજા સાથે સંપર્કમાં આવી શકે છે. યુનિયન ગૃહમંત્રાલયે કહ્યું છે કે સમય-દિવસનો કામ રોસ્ટર સિસ્ટમ વિભાગીય અથવા વિંગ હેડ હશે. તે ૫૦ ટકા સ્ટાફની સંપૂર્ણ કાળજી લેશે, પણ એકસાથે આવશે નહી.

કેન્દ્રીય ગૃહમંત્રાલય સિવાય, સમાન સૂચનાઓ અન્ય કેન્દ્રીય મંત્રાલયો જેમ કે માહિતી અને પ્રસારણ, કોર્પોરેટ બાબતો અને ડોપ્ટ દ્વારા જારી કરવામાં આવી છે. માહિતી અને પ્રસારણ મંત્રાલયે તેના પરિપત્રમાં કહ્યું છે કે સેક્રેટરી સ્તરના ૫૦% અધિકારીઓએ ઘરેથી કામ કરવાની મંજૂરી આપી છે. બાકીના ૫૦% સ્ટાફ ઑફિસમાંથી કામ કરી શકે છે. ગ્રાહકના કેસ, ખોરાક અને જાહેર વિતરણ મંત્રાલયે ૬૭% કર્મચારીઓને ઘરેથી કામ કરવાની મંજૂરી આપી છે.

### 'કોરોનાના સાચા અને પારદર્શી આંકડા જાહેર કરો', હાઈકોર્ટનો ગુજરાત સરકારને આદેશ

## લોકોને સરકાર પર એક પૈસાનો પણ ભરોસો નથી, તમે સેવક છો માલિક નહી: હાઈકોર્ટ

અમદાવાદ,તા.૧૬

ગુજરાતમાં કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. તો બીજી તરફ ગુજરાત સરકારને જાણે કોઇ પડી જ ન હોય તે પ્રકારે સાવ નિષ્ક્રિય બની ગઇ છે. હોસ્પિટલોમાં જગ્યા નથી, કોઇ જગ્યાએ વેન્ટિલેટર ઉપલબ્ધ નથી, કોઇ પણ જગ્યાએ ઓક્સિજન કે યોગ્ય વ્યવસ્થા પણ ઉપલબ્ધ નથી. સરકાર સબ સલામત હોવાનાં દાવા કરી રહી છે. મૃત્યુઆંક અને પોઝિટિવ આવનારાઓની સંખ્યામાં ઢાંકપીછોડા કરી રહી છે. જો કે લોકોમાં હવે ધીરે ધીરે જાગૃતિ આવી રહી છે. સરકારની નિષ્ફળતાઓ અંગે લોકોમાં રોષ અને આક્રોષ પણ જોવા મળી રહ્યો છે. છેલ્લા ઘણા દિવસોથી રાજ્યમાં રેકૉર્ડતોડ કોરોનાના કેસો સામે આવી રહ્યા છે. જો કે હજુ પણ સાચા આંકડાઓ સામે ના આવી રહ્યા હોવાના આક્ષેપો સતત લાગતા રહ્યા છે. તો હવે કોરોનાના વધતા જતા કેસ મુદ્દે હાઈકોર્ટે રાજ્ય સરકારને હુકમ કર્યો છે. હાઈકોર્ટે રાજ્ય સરકારના કોરોનાના સાચા આંકડા જાહેર કરવા જણાવ્યું છે. સાચા અને પારદર્શિતાથી આંકડા જાહેર કરવા માટે ખુદ હાઈકોર્ટે હવે રાજ્ય સરકારને ટકોર કરવી પડી છે.

હાઈકોર્ટે કહ્યું કે, લોકોમાં વિશ્વાસ સંપાદિત થાય તે રીતે પારદર્શિતાથી સરકાર આંકડા જાહેર કરે. સાથે સાથે હાઈકોર્ટે કહ્યું છે કે, સરકારના જવાબદાર અધિકારી કે નેતા રોજ પ્રજાને કોરોનાની સ્થિતિ વિશે સાચી માહિતી જણાવે. હોસ્પિટલમાં બેડની ઉપલબ્ધિ બાબતે રિયલ ટાઈમ સાચી માહિતી મળી રહે તેવુ વેબ પોર્ટલ રાજ્ય સરકાર બનાવે અને રાજ્ય સરકારના અંકુશમાં આ પોર્ટલ પર માહિતી ઉપલબ્ધ થાય. આ ઉપરાંત હાઈકોર્ટે ઓક્સિજન અને રેમડેસિવિરનો પર્યાપ્ત જથ્થો ઉપલબ્ધ થાય એ માટે પગલા લેવા સરકારને આદેશ આપ્યો છે.

૧૯ એપ્રિલ સુધીમાં આ વ્યવસ્થા સુનિશ્ચિત કરી કોર્ટને સોગંધનામા પર જણાવવાનો હાઈકોર્ટે હુકમ કર્યો છે. આગામી સુનાવણી ૨૦ એપ્રિલે થશે. ઉલ્લેખનીય છે કે આ પહેલા રાજયમાં કોરોનાના વધતા સંક્રમણ, દર્દીઓને પડતી હાલાકી, દવાઓની અછતના મુદ્દે હાઈકોર્ટમાં સુઓમોટો રિટની અરજીમાં ચીફ જસ્ટિસ વિક્રમનાથ અને જસ્ટિસ ભાર્ગવ ડી. કારિયાની ખંડપીઠે સુનાવણીમાં રાજ્ય સરકારની આકરી ઝાટકણી કાઢી નોંધ્યું છે કે, કોર્ટના નિર્દેશ અને સૂચનનો અમલ થયો ન હોવાથી કોરોનાની સુનામી આવી છે. ૧૫ અને ૧૬મી માર્ચથી સતત કેસોમાં વધારો થઈ રહ્યો છે.

## એક્શનમાં સરકાર, સ્વાસ્થ્ય મંત્રીએ કહ્યું-અમે પહેલા કરતા વધુ તૈયાર

ન્યુ દિલ્હી,તા.૧૬

કોરોના વાયરસ ના વધતા સંક્રમણ વચ્ચે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડોક્ટર હર્ષવર્ધને આજે દિલ્હીમાં એમ્સના ડોક્ટરો સાથે ચર્ચા કરી. આ દરમિયાન તેમણે કહ્યું કે આ વખતે કોરોના વાયરસની રફ્તાર તેજ છે. પરંતુ અમે લડત માટે પહેલા કરતા વધુ તૈયાર છીએ.

સ્વાસ્થ્ય મંત્રી ડો.હર્ષવર્ધને કોરોના વાયરસ સામેની લડત માટેની તૈયારીઓની સમીક્ષા કરી. આ દરમિયાન તેમણે એમ્સના ડાઈરેક્ટર ડો.રણદીપ ગુલેરીયાસાથે હોસ્પિટલમાં ઉપલબ્ધ સ્વાસ્થ્ય સુવિધાઓ અને હાલાતની સમીક્ષા કરી. સ્વાસ્થ્ય મંત્રીએ ટ્રોમા સેન્ટરની પણ મુલાકાત લીધી. ડોક્ટર હર્ષવર્ધને કહ્યું કે સરકાર પાસે કોરોના વિશે એક વર્ષનો અનુભવ છે. આથી કોરોના સામેની લડતમાં પહેલા કરતા વધુ તૈયાર છીએ.

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કોવિડ-૧૯ મહામારીથી પહોંચી વળવાની રણનીતિને લઈને શુક્રવારે કેન્દ્ર પર નિશાન સાધ્યું. તેમણે ટ્વીટ કરીને કહ્યું કે કેન્દ્ર સરકારની કોવિડ રણનીતિ પહેલો તબક્કો-તઘલખી લોકડાઉન લગાવો, બીજો તબક્કો-ઘંટી વગાડો, ત્રીજો તબક્કો પ્રભુના ગુણ ગાઓ. અત્રે જણાવવાનું કે દેશમાં કોરોના તાંડવ કરી રહ્યો છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૨,૧૭,૩૫૩ દર્દીઓ નોંધાયા છે. આ સાથે કુલ કેસનો આંકડો ૧,૪૨,૯૧,૯૧૭ પર પહોંચી ગયો છે. જેમાંથી ૧,૨૫,૪૭,૮૬૬ લોકો રિકવર થયા છે જ્યારે ૧૫,૬૯,૭૪૩ લોકો હજુ પણ સારવાર હેઠળ છે.

## તંત્રી સ્થાનેથી...

# કોરોના સંક્રમણથી પ્રજા બેહાલ: સરકાર બ્રિટન-ચીનના માર્ગે જવા તૈયાર થશે.....?

*વિશ્વભરમાં કોરોના સંક્રમિત કેસોમા ભારતે સતત છઠ્ઠા દિવસે પ્રથમ ક્રમે રહ્યું છે અને કોરોના હોટ સ્પોટ બની ગયું છે. છેલ્લા ૨૪ કલાકમાં ૨,૧૬,૬૪૨ નવા કેસો સામે આવ્યા છે અને ૧,૧૮૨ ના મોત થયા છે. જ્યારે કે ૧૫,૬૩,૫૮૪ દર્દીઓ સારવાર હેઠળ છે. વિશ્વના હોટસ્પોટ ગણાતા ટોચના ૨૦ શહેરોમાં ભારતના ૧૫ શહેરો પહોંચી ગયા છે જે પૈકી પૂણે પ્રથમ ક્રમે આવે મુંબઈ બીજા ક્રમે છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો દ્વારા સ્વસ્થ્ય ક્ષેત્રે અનેક સુવિધાઓ ઉભી કરવા છતાં દેશભરમાં ૧૨૦ જીલ્લાઓ એવા છે કે જ્યાં ઓક્સિજન, વેન્ટિલેટર સહિત અન્ય જરૂરી સુવિધાઓમાં મોટી ખામી છે. બીજી તરફ કેન્દ્ર સરકાર પાસે ૧૨ જેટલા રાજ્યોએ ઓક્સિજનની અછત સર્જાતા ઓક્સિજનની માંગણી કરી છે જેને તત્કાળ સ્વીકારીને કેન્દ્ર સરકારે ૫૦ હજાર મેટ્રિક ટન ઓક્સિજન આયાત કરવા તરફ દોડ શરૂ કરી દીધી છે.... તે સાથે ઓક્સિજનની ઘટને પહોંચી વળવા દેશભરની ૧૦૦ થી વધુ હોસ્પિટલોને પોતાના ઓક્સિજન પ્લાન્ટ સ્થાપવા પીએમ કેર ફંડમાંથી ફંડ ફાળવવાની જાહેરાત કરી દીધી છે. કોરોના કેસો વધે નહીં તે માટે કેન્દ્ર સંચાલિત શાળાઓની પાબંધી કરવા સાથે વિવિધ પરીક્ષાઓ પણ અટકાવી દીધી છે. આ બધી બાબતો વચ્ચે કેન્દ્રના રાજનેતાઓ અને રાજ્યોના નેતાઓ આમ પ્રજા બેજવાબદાર રહી તે કારણે કોરોના કેસો વધી ગયો હોવાનું ગાણું ગાઈ રહ્યા છે....પરંતુ એક પણ રાજનેતા કે રાજ્યના નેતા રાજ્ય વિધાન સભા તથા સ્વરાજ્યની ચૂંટણીઓના પરિણામો બાદ કોરોના કેસોમા ઉછાળો આવ્યો તેવું નથી સ્વિકારતા અને અત્યારે પશ્ચિમ બંગાળ વિધાનસભા તથા યુપીમા સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ ચાલી રહી છે. ત્યારે યુપી માં કોરોના કેસો વધવા સાથે સ્મશાનગૃહોમાં એક સાથે ચિતાઓ સળગતી રહી છે... જેના પર આમ પ્રજાની નજર ન જાય તે માટે યોગી સરકાર જે તે સ્મશાનગૃહ ફરતે પતરાની આડશો લગાવી રહી છે જેના વિડીયો વાયરલ થયા છે. તો કુંભ મેળા માટેના કોરોના નિયમો પાળવાની મોટી મોટી વાર્તાઓ કરતા કરતા હતા અને છેલ્લા ચારજ દિવસમાં ૧,૭૦૦ થી વધુ કોરોના સંક્રમિતોના નવા કેસ સામે આવ્યા છે.... ત્યારે આ પૈકીના કોરોના સ્પ્રેડર કેટલા બન્યા હશે તેવી ચિંતા આમ પ્રજામાં ફરી વળી છે.....!કારણ યુપીના વિવિધ વિસ્તારોમાંથી તેમજ અન્ય રાજ્યના શ્રધ્ધાળુઓ કુંભ મેળામાં ઉમટી પડ્યા હતા......!!*

*વિશ્વમાં કોરોના જનક કહેવાતા ચીને કોરોના નિયમો સહિતના નિયમોનું કડક પાલન કરવા સાથે મેડિકલ સારવારને પ્રાધાન્ય આપતા કોરોના કાબુમાં આવી જતાં ચીનનુ અર્થતંત્ર ધબકતું થઇ ગયું છે.તો વિશ્વ ભરમાં કોરોના કેસોમાં આગ્રહ સ્થાને રહેલા બ્રિટને સૌથી લાંબા સમયના ત્રણ મહિનાનુ લોકડાઉન કરેલ તેના કારણે કોરોના કાબૂમાં આવી ગયો છે. બીજી તરફ ભારતમાં કોરોનાએ રાક્ષસી ભરડો લીધો છે છતાં સરકાર લોકડાઉન માટે તૈયાર નથી...! જો કે મહારાષ્ટ્ર, ઉત્તરાખંડ, મધ્યપ્રદેશ,પંજાબ, રાજસ્થાન જેવા રાજ્યોએ હોટસ્પોટ જિલ્લાઓ, શહેરી વિસ્તારોમાં મીની લોકડાઉન કે કર્ફ્યુ લાગુ કરી કોરોના કાબુમાં લેવા પ્રયાસો કર્યા છે. તો ગુજરાત સહિત ૧૨ જેટલા હોટસ્પોટ રાજ્યોએ રાત્રી કર્ફ્યુ પંદર દિવસની નાખવા છતાં કોરોના સંક્રમણ અટકતુ નથી અને કેસો સતત વધતા રહ્યા છે... તેમાં પણ નવા કોરોના સ્ટ્રેનના આકરા પાણીએ ફરી વળ્યો છે જે કારણે કોરોના કેસો સતતવધી રહ્યા છે. બીજી તરફ લોકડાઉનના ભયથી જે તે રાજ્યમાં રોજગારી અર્થે આવેલા પર પ્રાતિઓ વતન જવા બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન, ખાનગી ટ્રાન્સપોર્ટ દ્વારા વતન જવા ભીડ જમાવતા રહ્યા હતા તે હવે ઓછી થઈ ગઈ છે.... મતલબ મોટાભાગના પરપ્રાંતીઓ પોત પોતાના વતન પહોંચી ગયા છે અને જઈ રહ્યા છે. ત્યારે સરકારે લોકડાઉન જેવો કઠોર નિર્ણય લીધા સિવાય છૂટકો નથી....! માર્કેટોમાં ગ્રાહકો ઘટી ગયા છે, તો જે તે ઔધોગિક ઉત્પાદનોમાં પણ અસર થવા પામી છે.....! ત્યારે કોરોના ફેલાતો રોકવા બ્રિટને લોકડાઉન કરીને અને ચીને પોતાની રીતે આકરા નિયમોનો અમલ કરી કોરોના કાબુમાં લઈ લીધો છે... ત્યારે તેના રસ્તે ભારતે જવુંજ રહ્યું......!!આ બધી બાબતો વચ્ચે ગુજરાતમાં કોરોનાએ અજગરી ભરડો લીધો છે છેલ્લા ૨૪ કલાકમાં ૮,૦૦૦ થી વધુ કેસ નોંધાયા છે જેમાં બાળકો પણ ચપેટમાં આવી જતા આમ પ્રજામાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે... ત્યારે જે તે નાના મોટા શહેરો, ગ્રામ્ય મથકો અને ગામડાના લોકો સ્વયંભૂ લોકડાઉનજાહેર કરતા થઈ ગયા છે. તેમાં પણ ગુજરાત સરકારની સ્વાસ્થ્ય સેવાની નબળી કડીઓ ની ટીકા કરવા સાથે અન્ય સૂચનો ગુજરાત હાઇકોર્ટે કર્યા છે....પરંતુ કોરોનાના માઠા પરિણામ લોકો જોઈ રહ્યા છે છતા સરકાર આકરા પગલાં નહીં લેતા રાજ્ય સરકાર લોકડાઉનનહીં કરે તેવો વિશ્વાસ પેદા થતા લોકો સ્વયંભૂ લોકડાઉનનો અમલ કરી પોતાની જાગૃતિ બતાવી રહ્યા છે.....!*
*વંદે માતરમ્*

## સીબીઆઈ ના પૂર્વ ડિરેક્ટર રંજિત સિન્હાનું અવસાન, દિલ્હીમાં લીધા અંતિમ શ્વાસ

ન્યુ દિલ્હી,તા.૧૬

સીબીઆઈના પૂર્વ ડિરેક્ટર અને ૧૯૭૪ બેચના આઈપીએસ અધિકારી રંજિત સિન્હાનું આજે સવારે ૦૪:૩૦ વાગ્યે દિલ્હી સ્થિત તેમના નિવાસસ્થાને નિધન થયું છે. સિન્હા ૨૦૧૨ થી ૨૦૧૪ સુધી સીબીઆઈના ડિરેક્ટર હતા. તેઓ મૂળ બિહારના હતા. રંજિત સિન્હા આઈટીબીપી અને આરપીએફના ડીજી પણ હતા. રંજિત સિન્હાનું મોતનાં કારણની સત્તાવાર પુષ્ટિ મળી નથી.

તેમની કારકીર્દિમાં સિન્હાએ સીબીઆઈના ડાયરેક્ટર, આઈટીબીપી ડીજી જેવા ઘણા મહત્વપૂર્ણ હોદ્દાઓ સંભાળ્યા હતા. રંજિત સિન્હા ૧૯૭૪ બેચના આઈપીએસ અધિકારી હતા. સીબીઆઈના ડાયરેક્ટર જનરલ પદ સંભાળતાં પહેલાં, તે ભારત-તિબ્બત બોર્ડર પોલીસ (આઈટીબીપી) ના ડિરેક્ટર હતા. રંજિત સિન્હા પર પણ ભ્રષ્ટાચારનો આરોપ પણ લગાવવામાં આવ્યો હતો. સીબીઆઈએ તેમની સામે ભ્રષ્ટાચારના કેસમાં પણ કેસ દાખલ કર્યો હતો. રંજિત સિન્હા પર સીબીઆઈના વડા પદ સંભાળતી વખતે કોલસા ફાળવણી કૌભાંડની તપાસને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂકાયો હતો.

## નાસિકમાં ચક્કર આવતા અને શ્વાસ ચઢવાથી અચાનક ૯ લોકોના મોત

નાસિક,તા.૧૬

મહારાષ્ટ્રમાં કોરોના વાયરસ છેલ્લાં કેટલાંય દિવસથી હાહાકાર મચાવી રહ્યો છે. ત્યારે એક ચોંકાવનારા સમાચારે ચિંતાનું મોજું ફેલાવી દીધું છે. નાસિકમાં ચક્કર આવતા અને શ્વાસ ચઢવાથી ૯ લોકોના મોત થયા છે. પોલીસ રેકોર્ડ પ્રમાણે આ મોત છેલ્લાં ૨૪ કલાકમાં નોંધાયા છે. કોરોના વાયરસ મહામારીના વધતા કેસની વચ્ચે આ મોતના લીધે ચિંતા વધી ગઇ છે.

નાસિકમાં છેલ્લાં એક મહિનામાં ચક્કર આવતા અને શ્વાસ ચઢવાથી ૫૦થી વધુ લોકોના મોત થઇ ચૂકયા છે. નવા આવી રહેલા આ કેસથી લોકોમાં ડરનો માહોલ ફેલાઇ ગયો છે અને કોરોના વાયરસ સંક્રમણની આશંકા વ્યકત કરાય રહી છે.

નાસિકમાં કોરોના દર્દીઓને ઓક્સિજનની અછત પડી રહી છે અને પૂરતો પુરવઠો ના મળતા સમસ્યા આવી રહી છે. ઉમા હોસ્પિટલના ડૉકટર યોગેશ મોરે એ કહ્યું કે જ્યારે ઓક્સિજનનો પુરવઠો વધારાશે ત્યારે વધુ દર્દીઓને અમે દાખલ કરી શકીશું. અમને દરરોજ ૫૦ સિલિન્ડરની જરૂર છે પરંતુ અત્યારે માત્ર ૩૦ મળી રહ્યા છે.

# મહાકુંભમાં કોરોના મહામારી, ૩૦ સાધુ સંક્રમિત, એકનું મોત

હરિદ્વાર,તા.૧૬

કુંભમેળાના આયોજન વચ્ચે કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે ત્યારે નિરંજની અખાડાના સચિવ રવીન્દ્ર પુરીએ જાહેરાત કરી છે કે તેમના માટે કુંભમેળો પૂરો થઈ ગયો છે. તેમણે જણાવ્યું હતું કે કુંભનું મુખ્ય શાહી સ્નાન પૂરું થઈ ગયું છે અને તેમના અખાડાના સાધુ-સંતોમાં કોરોનાનાં લક્ષણો દેખાયાં છે.



કોરોનાની સ્થિતિને જોતાં નિરંજની અખાડા બાદ અન્ય ૫ સંન્યાસી અખાડા પણ કુંભ સમાપ્તિની જાહેરાત કરી શકે છે. હરિદ્વારમાં કુંભમેળાનો સમય ૩૦ એપ્રિલ સુધી છે, પણ છેલ્લા ૫ દિવસમાં અહીં કોરોનાના ૨,૧૬૭ કેસ સામે આવી ચુક્યા છે. તેમ છતાં અધિકારીઓનું કહેવું છે કે કુંભમેળો ૩૦ એપ્રિલ સુધી ચાલશે. જોકે હવે અખાડા દ્વારા જાતે જ કુંભમેળો પૂરો થવાની જાહેરાત કરવા લાગ્યા છે.

કોરોનાને પગલે આ વર્ષે કુંભમેળો જાન્યુઆરીને બદલે ૧લી એપ્રિલના રોજ શરૂ થયો હતો. કેન્દ્ર સરકારની ગાઈડલાઈન્સ પ્રમાણે સ્થિતિને જોતાં આ માટેનો સમય ઓછો કરવામાં આવી શકે છે. જોકે હરિદ્વારાના હ્રસ અને કુંભમેળાના અધિકારી દીપક રાવતે બુધવારે કહ્યું હતું કે મેળાના સમયમાં ઘટાડો કરવા અંગે કોઈ જાણકારી મળી નથી.

દેશમાં કોરોના ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે ત્યારે કુંભમેળાના આયોજન સામે પ્રશ્નો સર્જાયા છે. દેશમાં ગુરુવારે કોરોનાના ૨ લાખ નવા કેસ સામે આવ્યા. આ મહામારી શરૂ થઈ ત્યાર બાદનો આ એક દિવસમાં આવેલા કેસનો સૌથી મોટો આંક છે. બીજી બાજુ, કુંભમાં લાખો લોકોની ભીડ ઊમટી પડી છે. બુધવારે શાહી સ્નાનમાં ૧૪ લાખ લોકો સામેલ થયા હતા.

નિર્વાણી અખાડાના મહામંડલેશ્વર કપિલ દેવનું કોરોના સંક્રમણને લીધે અવસાન થયું હતું. તેઓ મધ્યપ્રદેશના ચિત્રકૂટથી કુંભમાં ભાગ લેવા હરિદ્વાર આવ્યા હતા. પોઝિટિવ થયા બાદ તેમને દેહરાદૂનની કૈલાસ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. હોસ્પિટલ મેનેજમેન્ટના જણાવ્યા પ્રમાણે, તેમનું અવસાન થયું છે. કુંભમેળામાં સંક્રમણને લીધે જીવ ગુમાવનાર કપિલ દેવ પ્રથમ મોટા સંત છે.

કુંભમાં સંક્રમણના કેસ વધવાની સ્થિતિને ધ્યાનમાં રાખી સરકારે કડક પગલાં ભરવાની તૈયારી કરી હતી. સરકારના જણાવ્યા પ્રમાણે, ભીડને લીધે કોવિડ-૧૯ માટે જાહેર કરવામાં આવેલી ગાઈડલાઈન્સનું પાલન કુંભમાં કરાવવામાં ભારે મુશ્કેલી પડી રહી છે. આ સંજોગોમાં યાત્રીઓ અને અખાડામાં સાધુ-સંતોની સંખ્યા મર્યાદિત કરવા તથા તેમના સમયને નિર્ધારિત કરવાની વાત કહેવામાં આવી હતી.

## સ્મશાનગૃહો બાદ ખાનગી હોસ્પિટલમાં હેલ્પ ડેસ્ક પર બેસશે શિક્ષકો

અમદાવાદ,તા.૧૬

શિક્ષકો વસતિ ગણતરી સહિતની અસંખ્ય શૈક્ષણિક સિવાયની કામગીરી કરી ચૂક્યા છે, ત્યારે તેમના માથે વધુ એક જવાબદારી નાખવામાં આવી છે. સુરતમાં સ્મશાનોમાં જ મૃતદેહ ગણવાની અને માઈક્રો કન્ટેન્મેન્ટ ઝોનમાં જઈને સર્વેલન્સ કરવાની જવાબદારી સોંપાઈ હતી. પરંતુ હોબાળો થતાં આ નિર્ણયને પાછો ખેંચવો પડ્યો હતો. હવે આ સિલસિલામાં અમદાવાદમાં કોરોનાને કારણે સ્થિતિ કથળી રહી છે. અમદાવાદમાં શિક્ષકોને કોવિડ ડ્યૂટી સોંપવામાં આવી છે. અમદાવાદમાં ૫૦૦ શિક્ષકોને ખાનગી હોસ્પિટલમાં જવાબદારી સોંપવામાં આવી છે. છસ્ઝ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા હાલ આ નિર્ણય લેવામાં આવ્યો છે. જેથી હવે અમદાવાદમાં ૫૦૦ શિક્ષકો ખાનગી હોસ્પિટલોમાં હેલ્પ ડેસ્કમાં બેસશે. એટલું જ નહીં, રસીકરણ કેન્દ્રો ઉપર પણ કામગીરી સોંપાઈ છે. અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા શહેરની કોરોનામાં હાલત ખુબ ખરાબ થઈ રહી છે, જેના કારણે હાલના ફાજલ પડેલા સમયમાં શિક્ષકોને એક મહત્વપૂર્ણ જવાબદારી સોંપવાનો નિણર્ય કર્યો છે. સુરત બાદ અમદાવાદમાં પણ ૫૦૦ શિક્ષકોને કોરોના સમયમાં ડ્યૂટી સોંપાઈ છે. તમને જણાવી દઈએ કે છસ્ઝ સ્કૂલ બોર્ડના શિક્ષકોને આ જવાબદારી સોંપાઈ છે. જેથી હવે પછી ૫૦૦ શિક્ષકોને પ્રાઈવેટ હોસ્પિટલોમાં કામ સોંપાયું છે. શિક્ષકોએ અહીં દર્દીઓને દાખલ થવા માટે કયા જવું તેના માટે હેલ્પ ડેસ્કની કામગીરી જોવાની રહેશે.

પ્રાઈવેટ હોસ્પિટલોમાં શિક્ષકો હેલ્પ ડેસ્કમાં બેસશે, એટલું જ નહીં, શહેરના વેકસીનેશન સેન્ટર ઉપર પણ વ્યવસ્થા જાળવવાનું કામ પણ શિક્ષકોને સોપાયું છે. હાલ કોરોના સમયમાં સ્ટાફની ખુબ જ મોટી અછત વર્તાઈ રહી છે, જેના કારણે આ જવાબદારી સોંપાઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સુરત કોર્પોરેશન પોતાના કર્મચારીઓને જવાબદારી સોંપવામાં હદ વટાવી હતી. શિક્ષકોને અત્યાર સુધીમાં કોરોનાની તમામ કામગીરી સોંપવામાં આવી છે, પરંતુ એકમાત્ર સ્મશાનગૃહમાં જવા માટેની કામગીરી બાકી હતી તો એ પણ સોંપવામાં આવી હતી. અંતિમક્રિયા માટે આવતા મૃતદેહોની નોંધણી કરવાની કામગીરી શિક્ષકોને અપાતાં કચવાટની લાગણી જોવા મળી રહી હતી. ૮-૮ કલાકની ત્રણ શિફ્ટમાં જીસ્ઝ(સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન)ના કર્મચારીઓ સાથે શિક્ષકોએ પણ ફરજ બજાવવાનો નિર્ણય કરાયો હતો. સ્મશાનગૃહમાં આવેલા મૃતદેહોની અંતિમક્રિયામાં નોંધણીમાં અવ્યવસ્થા ન સર્જાય એ માટે શિક્ષકોને જવાબદારી આપી દેવામાં આવી હતી. પરંતુ પાછળથી મોટો હોબાળો થતાં આ નિર્ણય પાછો ખેંચાયો હતો.

# મહેસાણા-વિસનગર સ્મશાનગૃહોમાં કોરોનાથી થતાં મોત અંગેના આંકડા ખુબ જ ચોંકાવનારા

મહેસાણા,તા.૧૬

મહેસાણા જિલ્લામાં એક સપ્તાહથી કોરોના કોવિડ પોઝિટિવ દર્દીઓની સંખ્યાના આંકડા હાહાકારી મચાવી રહ્યા છે, તો બીજી તરફ કોરોનાથી થતા મોતના આંકડા જિલ્લા વહીવટી તંત્ર છુપાવી રહ્યું છે. જોકે કોરોનાથી થતા મોત અંગે વહીવટી તંત્ર મૌન સેવીને બેઠું છે, પણ સ્મશાનમાં કરવામાં આવતી અંતિમક્રિયા કોરોનાથી થતા મોતના આંકડાની પોલ ખોલી રહ્યા છે. જિલ્લામાં કોરોનાના હાહાકાર વચ્ચે મહેસાણા અને વિસનગર સ્મશાન ગૃહના કોરોનાથી મોત અંગેના આંકડા ખુબ જ ચોંકાવનાર છે.

ગુજરાતભરમાં કોરોના કોવિડ પોઝિટિવની સંખ્યા ઉત્તરોતર વધી રહી છે અને તેની સાથે કોરોનાથી મૃત્યુની સંખ્યા પણ વધી રહી છે. અમદાવાદ,સુરત અને રાજકોટ જેવા મેટ્રો શહેરોની જેમ મહેસાણા જિલ્લામાં પણ કોરોના દર્દીઓની સંખ્યા એક સપ્તાહથી ચોંકાવનાર સામે આવ્યા છે. જિલ્લામાં એક સપ્તાહથી કોરોના પોઝિટિવના ૧૦૦થી વધુ કેસ મહેસાણા જિલ્લામાં નોધાઈ રહ્યા છે, પણ કોરોનાથી થતા મૃત્યુના આંકડા જિલ્લા વહીવટી તંત્ર જાણી જોઈને છુપાવી રહ્યું છે.

તો વળી કોરોના મોત અને આંકડા અંગે આંખ આડા કાન તંત્ર કરી રહ્યું છે. પરંતુ અંતિમક્રિયા માટે સ્મશાનમાં આવતા મૃતદેહોની નોધણી સ્મશાનના સંચાલકો દ્વારા રાખવામાં આવે છે. જેમાં સ્મશાન સંચાલકો કુદરતી મોત અને કોરોનાથી થયેલા મોત અંગે અલગ માહિતી રાખવામાં આવે છે. એક તરફ વહીવટી તંત્ર કોરોનાથી થતા મૃત્યુ અંગેના આંકડા છુપાવી રહ્યું છે તો બીજી તરફ સ્મશાનમાં કોરોનાથી મૃત્યુ થયેલા મૃતદેહોની અંતિમક્રિયા તંત્રની પોલ ખોલી રહી છે.

મહેસાણા જિલ્લામાં ગામે ગામ અને શહેરોમાં સ્મશાનો મોટા પ્રમાણમાં આવેલા છે. પરંતુ જિલ્લામાં મહેસાણા અને વિસનગર સ્મશાન ગૃહોની વાત કરીએ તો કોરોનાથી મોતના આંકડા ચોંકાવનાર સામે આવ્યા છે. મહેસાણા સ્મશાન ગૃહમાં એક સપ્તાહમાં તબક્કાવાર જોઈએ તો ૮ એપ્રિલના રોજ ૩, ૯ એપ્રિલે ૪, ૧૦ એપ્રિલે ૪, ૧૧ એપ્રિલે ૭, ૧૨ એપ્રિલે ૫, ૧૩ એપ્રિલે ૩ અને ૧૪ એપ્રિલના રોજ ૨ કોરોનાથી મૃત્યુ મળી કુલ ૨૮ મૃતદેહોની અંતિમ ક્રિયા કરવામાં આવેલી છે. જ્યારે વિસનગર સ્મશાન ની વાત કરીએ તો ૮ એપ્રિલે ૩, ૯ એપ્રિલે ૪, ૧૦ એપ્રિલે ૪,૧૧ એપ્રિલે ૭, ૧૨ એપ્રિલે ૫, ૧૩ એપ્રિલે ૩ અને ૧૪ એપ્રિલના રોજ ૨ કોરોનાથી મૃત્યુ મળી કુલ ૨૮ મૃતદેહો ની અંતિમ ક્રિયા કરવામાં આવેલી છે. આમ મહેસાણા જિલ્લામાં મહેસાણા અને વિસનગર સ્મશાનમાં કોરોનાથી મૃત્યુ પામેલા લોકોના આંકડા ભયાવહ સ્થિતિ દર્શાવી રહ્યા છે. મહેસાણા જિલ્લામાં કોરોનાએ ભરડો લીધો છે ત્યારે ગઈકાલે ૧૫ તારીખે ૨૩૯ કેસ કોરોના પોઝિટિવ આવ્યા છે. ત્યારે મોટા ભાગની પ્રાઈવેટ તેમજ સરકારી હોસ્પિટલમાં નવા દર્દીઓ માટે વેઈટિંગની પરિસ્થિતિ હોસ્પિટલોમાં સર્જાઈ છે. ત્યારે તેની સામે મોતના આંકડા પણ ભયભીત સ્તરે વધી રહ્યા છે. જે તંત્ર છુપાવી રહ્યું છે.

## તિલકવાડા તાલુકાના કોઠી ગામે લગ્ન સમારંભમાં ૫૦થી વધારે માણસો ભેગા કરી જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ

રાજપીપળા,તા.૧૬

નર્મદા જિલ્લામાં હાલ કોરોનાના કેસો વધી રહ્યા છે.ત્યારે સરકારે ગાઇડલાઇન પ્રમાણે ભીડવાળા કાર્ય પર પ્રતિબંધ મૂક્યો છે.ખાસ કરી લગ્ન પ્રસંગમાં ૫૦ થી વધુ લોકો ભેગા કરવા પર મનાઈ છે.છતાં કેટલાક લોકો લગ્ન પ્રસંગમાં વધુ વ્યક્તિઓને ભેગા કરી કોરોનાનું સંક્રમણ કરતા હોય છે. ત્યારે પોલીસે તેમની સામે લાલઆંખ કરી છે. જેમાં તિલકવાડા તાલુકાના કોઠી ગામે લગ્ન સમારંભમાં ૫૦થી વધારે માણસો ભેગા કરી જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરતાં તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જેમાં તિલકવાડા પોલીસ મથકે ફરિયાદી એમબી વસાવા પો.સ.ઈ તિલકવાડા જાતે ફરિયાદી બની આરોપી મુકેશભાઈ નરસિંહભાઈ વસાવા (રહે, કોઠ સામે ફરિયાદ કરી છે.

ફરિયાદની વિગત મુજબ આરોપી મુકેશભાઈએ તા.૧૫/ ૪/ ૨૧ના રોજ કોઠી ગામે લગ્ન સંભારમ યોજાયેલા લગ્ન સમારંભમાં ૫૦થી વધારે માણસો ભેગા કરી જિલ્લા મેજિસ્ટ્રેટને અંગેના જાહેરનામાનો ભંગ કરતા પકડાઈ જતા તેમની સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

### કોરોનાની તથા અન્ય સારવાર માટે દર્દીઓને વડોદરા, ભરૂચ, સુરતજવું પડે છે

# નર્મદા બાર એસોસિએશનને રાજ્ય ના આરોગ્ય મન્ત્રીને પત્ર લખી કોવિદ હોસ્પિટલ ના ખસ્તા હાલ સામે સવાલો ઉઠાવ્યા




### રાજપીપલામા કોવિદ હોસ્પિટલની સુવિધા અને પૂરતા તબીબી સ્ટાફ ના અભાવે પીડાતા કોરોના દર્દીઓ અને પરિવાર ની સમસ્યા સામે આવ્યા હવે કાયદાના રક્ષકો.

રાજપીપલા,તા ૧૬

હાલના કોરોના સંક્રમણની વિકટ પરીસ્થિતીમાં નર્મદા જિલ્લામાં આરોગ્યની પુરતી સુવિધાઓ પુરી પાડવા બાબતે નર્મદા બાર એસોસીએશને નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ,કલેકટરનર્મદાને પત્ર લખ્યો છે. જેમાં જણાવ્યું છે કે અત્રે નર્મદા જિલ્લાનું ભરૂચ જિલ્લામાંથી વિભાજન અને ૧૯૯૭ માં થયેલ અને તે વિભાજનને ૨૪ વર્ષ ઉપરાંતનો સમય થઈ ગયો છે અને અત્રેના નર્મદા જિલ્લાના કેવડિયા ખાતે વિશ્વનું સૌથી મોટું સ્ટેચયુ ઓફ યુનિટી પણ બનાવવામાં આવેલ છે તેમ છતાં આજદિન સુધી નર્મદા જિલ્લાનું વડુ મથકરાજપીપલામાં પાયાની આરોગ્યની જરૂરીયાત અને સેવાઓ, શિક્ષણ વિગેરે જેવી જરૂરીયાતોથી નર્મદા જિલ્લો અને રાજપીપલાને આજદિન સુધી વંચીત છે. અને હાલની કોરોનાની કપરી પરીસ્થિતીમાં નર્મદા જિલ્લાની જનતાને કોરોનાની તથા અન્ય સારવાર માટે વલખાં મારવા પડે છે. અને નજીકના મોટા જિલ્લાઓ જેવા કે, વડોદરા, ભરૂચ, સુરત વિગેરે જગ્યાએ જઈ સારવાર લેવા જવું પડે છે. અને અન્ય જિલ્લાઓમાં પણ જનાર દર્દીઓને પુરતી સારવાર મળતી નથી તથા હોસ્પીટલોમાં જગ્યાઓ પણ નથી મળતી અને આમ, અન્ય જિલ્લામાં જતા પણ તેઓને પુરતી સારવાર અને સુવિધાઓ ન મળતા ઘણાં લોકોના મૃત્યુ થાય છે. જે સંજોગોમાં અત્રેના નર્મદા જિલ્લાના ઘણાં લોકોને ઈમરજન્સી સારવાર ન મળતા અને અન્ય જિલ્લામાં સારવાર લેવાજતી વેળાએ તેઓના મૃત્યુ થાય છે અને આમ, નર્મદા જિલ્લામાં યોગ્ય અને પુરતી સારવાર ન મળવાથી લોકો ટપોટપ મરી રહ્યા છે. અને કોરોનાની સ્થિતી વકરતી જાય છે નર્મદા જિલ્લામાં કોરોનાની સારવાર કરવા માટે પુરતાડૉકટર પણ નથી કે ઓકસીજન, કોરોનાની દવાઓ- ઈનજેકશન વિગેરેની પણ પુરતી વ્યવસ્થા નથી.

એ ઉપરાંત છેલ્લાં ૨૪ વર્ષથી અત્યાર સુધી નર્મદા જિલ્લામાં એક પણ એમ.ડી. ફિઝીશીયન ડૉકટર કે અન્ય સ્પેશીયલ જ્ઞાન ધરાવતા તબીબો નર્મદા જિલ્લાને મળેલ નથી. જેમાં હાલની પરીસ્થિતીમાં એક જ એડહોક એમ.ડી. ડૉકટર કાર્યરત છે અને જેપણ હાલના સંજોગોમાં હોમ-કોરન્ટાઈન છે. જેથી નર્મદા જિલ્લામાં કોરોનાના સંક્રમણથી મૃત્યુનું તાંડવ પુર જોશમાં ચાલી રહ્યું છે અને પ્રથમથી જ નર્મદા જિલ્લામાં નર્સિંગ સ્ટાફ પેરા-મેડિકલ સ્ટાફ અને અન્ય તજજ્ઞ ડૉકટરની અછત છે અને તેમાં હલની ગંભીર પરીસ્થિતીમાં નર્સિંગ સ્ટાફ, પેરા-મેડિકલ સ્ટાફ તથા તજજ્ઞ ડોકટરને અન્ય જગ્યાએ અન્ય જિલ્લાની હોસ્પીટલોમાં અન્ય જિલ્લાના લોકોની સારવાર માટે સ્થળાંતરીત કરવામાં આવી રહેલ છે. આ પ્રકારના નિર્ણયથી નર્મદા જિલ્લાની પ્રજાને ક હાડમારી વેઠી રહી છે.

વધુમાં હાલ કોરોના સંક્રમણમાં કોરોનાને રોકવા અને તેની ચેન તોડવા અને કોરોનાની સારવાર માટે ઓકસીજન કે અન્ય તબીબી સાધનો પુરતા પ્રમાણમાં ઉપલ્બધ નથી પરંતુ જેટલા ઉપલ્બધ છે તેનો પુરેપુરો ઉપયોગ કરવા માટે પુરતા ટેકનીશયન નથી કે તેનો ઉપયોગ કરનાર જાણકાર તબીબી કે અન્ય કર્મચારીઓ નથી. હાલમાં નર્મદા જિલ્લામાં ઉપલ્બધ વેન્ટીલેન્ટ તથા અન્ય સાધનો અન્ય જિલ્લામાં સ્થળાંતરીત કરવામાં આવી રહેલ છે તેવુંજાણવા મળેલ છે તેનું કારણ પણે સમજી શકાય તેમ નથી. જેથી આરોગ્યવર્ધક દવાઓ અને સાધનો અને સુવિધાઓ નર્મદા જિલ્લાને પુરી પાડવા માટે વિનંતી કરી છે અને નર્મદા જિલ્લા વકિલ બાર એશોશીયેશને નર્મદા જિલ્લામાં હાલની પરીસ્થિતી જોતા કોરોનાની સારવાર કરવા માટે સક્ષમ અને યોગ્ય લાયકાત ધરાવતા ડૉકટર તથા કોરોના સંકમણથી જે રીતે ફેંફસા તથા શરીરના અન્ય ભાગોમાં કોરોના અસર કરે છે તેવા ફેંફસાના તથા ચેપી રોગોના નિષ્ણાંત ડૉકટર તથા એમ.ડી. ફીઝીશીયન જેવ ડોકટર તથા નર્સિંગ તથા પેરા મેડિકલ સ્ટાફ અને અદ્યતન સાધનોને અમલમાં લાવવા માટે નિષ્ણાંત ટેકનીશીયન સ્ટાફ તથા જરૂરી ઈનજેકશન અને દવાઓ તાકીદે પુરા પાડવા માટે લેખિત રજૂઆત કરી છે.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# કોવિડ -૧૯ વિશે માહિતી

આરોગ્ય સિસ્ટમની શીથીલતા ને લીધે, આરોગ્ય વ્યવસાયિકો, અને સામાન્ય લોકો માટે આ સંદેશ તૈયાર કર્યો છે, જો તમારે તાત્કાલિક હોસ્પિટલમાં જવાનું જોખમ ન હોય તો;

ચેપ પછીના ત્રીજા દિવસથી (વાયરલ લક્ષણો) લક્ષણો આ પ્રમાણે દેખાય છે.

૧ લા તબક્કા માં ;

શરીરમાં દુખાવો

આંખમાં દુખાવો/ બળતરા

માથાનો દુખાવો

અતિસાર/ ઝાડા.

વહેતું નાક અથવા નાસિકા નું બંધ થવું

વિઘટન

પેશાબ કરતી વખતે બળતરા

તાવ અનુભવવો.

સ્કફ્ડ ગળું (ગળું)

લક્ષણોના દિવસો ગણવા જે ખૂબ મહત્વનું છેઃ ૧ લો, ૨ જો, 3 જો આ પ્રમાણે.

તાવની શરૂઆત પહેલા આ પગલાં લો.

સાવચેત રહો, પુષ્કળ પ્રવાહી, ખાસ કરીને શુદ્ધ પાણી પીવું ખૂબ જ અગત્યનું છે. તમારા ગળાને ભેજવાળો રાખવા અને તમારા ફેફસાંને સાફ કરવા માટે પુષ્કળ પાણી પીઓ.

૨ જો તબક્કો; (૪ થી ૮ દિવસ સુધી)

બળતરા.

સ્વાદ અને / અથવા ગંધનું પારખવું મુશ્કેલ,

ન્યૂનતમ પ્રયત્નો સાથે થાક

છાતીમાં દુખાવો (પાંસળીના પાંજરા માં )

છાતી સખત થવી

નીચલી પીઠમાં દુખાવો (કિડની વિસ્તારમાં)

વાયરસ જ્યારે ચેતા તંત્ર પર હુમલો કરે છે;

થાક અને શ્વાસની તકલીફ વચ્ચેનો તફાવતઃ

જ્યારે વ્યક્તિ બેઠો હોય - કોઈ પણ પ્રયત્નો કર્યા વિના - એને ઊચ્છવાસ સહેજ રીતે ન થાય ;

પુષ્કળ થાક લાગે છે જ્યારે વ્યક્તિ કંઈક સહેજ કરવા માટે આસપાસ ફરે છે, અને ખુબ થાક અનુભવે છે.

તેવા જણ ખૂબ જ હાઇડ્રેશન અને વિટામિન સી લે.

કોવિડ -૧૯ ઓક્સિજનને ખોવે છે, જેથી લોહીની ગુણવત્તા ઘટે છે, ઓછા ઓક્સિજન ના કારણે.

3 જો તબક્કો - (ઉપચાર)

૯ માં દિવસે, ઉપચારનો તબક્કો શરૂ થાય છે, જે ૧૪ દિવસ (સંભવિત) સુધી ટકી શકે છે.

સારવારમાં વિલંબ ન કરો, જેટલું વહેલું તેટલું જ સારું!!

દરેકે આ ભલામણો સાચવી રાખવી વધુ જરુરી છે!

દરરોજ ૧૫-૨૦ મિનિટ માટે તડકામાં બેસો.

ઓછામાં ઓછા ૭-૮ કલાક માટે આરામ કરો અને સૂઈ જાઓ.

દરરોજ દોઢથી બે લિટર પાણી પીઓ. બધા ખોરાક ગરમ જ (ઠંડા નહીં) હોવા જોઈએ.

ધ્યાનમાં રાખો કે કોરોના વાયરસનું પી.એચ. ૫.૫ થી ૮.૫ સુધીનું છે.

તેથી આપણે આ વાયરસને દૂર કરવા માટે જે કરવાનું છે તે છે વાયરસના એસિડ સ્તરથી વધુ આલ્કલાઇન ખોરાક લેવો.

જેમ કે;

કેળા, ૯.૯ પી.એચ.

લીંબુ ૮.૨ પી.એચ.

એવોકાડો - પી.એચ ૧૫.૬

લસણ - પી.એચ ૧૩.૨

કેરી - પી.એચ ૮.૭

મેન્ડરિન - પી.એચ ૮.૫

અનેનાસ - ૧૨.૭ પીએચ

વોટરક્રેસ - ૨૨.૭ પી.એચ

નારંગીનો - ૯.૨ પી.એચ.

આ બધા નો વપરાશ વધારો

તમે કેવી રીતે જાણશો કે તમને કોવિડ -૧૯ છે ? તેના સામાન્ય લક્ષણો.

ગળા માં ખંજવાળ

સુકું ગળું

સુક્કી ઉધરસ

ઉચ્ચ તાપમાન

શ્વાસ લેવામાં તકલીફ

ગંધ અને સ્વાદ પારખવા ની અસમર્થતા

આ માહિતી ફક્ત તમારા માટે રાખશો નહીં, તમારા પરિવાર અને મિત્રોને આપો.

બધા માટે મહત્વપૂર્ણ સંદેશ

તમે જે ગરમ પાણી પીશો તે તમારા ગળા માટે સારું છે. પરંતુ આ કોરોના વાયરસ 3 થી ૪ દિવસ સુધી તમારા નાકની પેરાનાસલ સાઇનસની પાછળ છુપાયેલ હોય છે. આપણે જે ગરમ પાણી પીએ છીએ એ ત્યાં પહોંચતું નથી. ૪ થી ૫ દિવસ પછી, પેરાનાસલ સાઇનસની પાછળ છુપાયેલ આ વાયરસ તમારા ફેફસાં સુધી પહોંચે છે. પછીજ તમને શ્વાસ લેવામાં તકલીફ શરુ થાય છે.

તેથી જ વરાળ લેવાનું ખૂબ જ મહત્વપૂર્ણ છે, જે તમારા પેરાનાસલ સાઇનસની પાછળ પહોંચે છે. તમારી આ વરાળથી નાક માંના વાયરસ નાશ થશે.

૫૦ ડિગ્રી સેલ્સિયસ પર, આ વાયરસ અક્ષમ થઈ જાય છે એટલે કે લકવાગ્રસ્ત. ૬૦ ડિગ્રી સેલ્સિયસ પર આ વાયરસ એટલો નબળો પડે છે કે કોઈ પણ માનવ ની રોગપ્રતિકારક શક્તિ તેની સામે લડી શકે છે. ૭૦ ડિગ્રી સેલ્સિયસ પર આ વાયરસ સંપૂર્ણપણે નાશ પામે છે.

આ છે ચમત્કાર જે વરાળ કરે છે.!!

જેણે ઘરે રહેવું હોય તેણે દિવસમાં એકવાર સ્ટીમ લેવી જોઈએ. જો તમે શાકભાજી ખરીદવા માટે બજારમાં જાવ છો તો દિવસમાં બે વાર વરાળ લો. જે કેટલાક ખુબ લોકોને મળે છે અથવા ઓફિસ જાય છે, તેણે દિવસમાં 3 વખત વરાળ લેવી જોઈએ.

આ તમારા બધા પ્રિયજનોને ફોરવર્ડ કરો.

સ્ટીમ સપ્તાહ

ડોકટરો ના કહેવા મુજબ, કોવિડ -૧૯ ને નાક અને મોંમાંથી વરાળ શ્વાસમાં લઈને કોરોનાવાયરસને દૂર કરીને મારી શકાય છે. જો બધા લોકો એક અઠવાડિયા માટે સ્ટીમ ઝુંબેશ શરૂ કરો તો રોગચાળો જલ્દી સમાપ્ત થઈ જશે આ એક સૂચન છેઃ

વરાળ લેવા માટે નો સમય , દર રોજ ફક્ત ૫ મિનિટ માટે, એક અઠવાડિયા માટે સવાર અને સાંજે. જો બધા આ થેરાપી ને એક અઠવાડિયા સુધી અપનાવે તો જીવલેણ કોવિડ -૧૯ ભૂંસાઈ જ જશે.

આ પ્રથાની કોઈ આડઅસર પણ નથી.

તો કૃપા કરીને આ સંદેશ તમારા બધા સંબંધીઓ, મિત્રો અને પડોશીઓને મોકલો, જેથી આપણે બધા મળીને આ કોરોના વાયરસ નો સામનો કરી શકીએ.!!

( ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક જન હિતમાં)

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની આજ ૫ પદ્ય રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

વિષય : રાજ,રાજપાટ,રાજ સિંહાસન,રાજવી પરંપરા - .દિવસ - ૫

www.janfariyadnews.com

Email : prdpraval42@gmail.com

What's up calling No : 9824653073

તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ

નિર્ણાયક મંડળ :જયશ્રીબેન પટેલ,અરૂણાબેન ત્રિવેદી

યુ ટ્યુબ ચેનલ : ja- fariyad- ews

ન્યૂઝ પોર્ટલ : janfariyanews

વેબ સાઈટ : janfariyadnews.

---

**NOG SS No : 0044**

વિષયઃ- રાજ, રાજપાટ,રાજ સિંહાસન, રાજવી પરંપરા.

વિભાગઃ-પદ્ય

શીર્ષકઃ- રાજપાટ.

રાજ સિંહાસને<br>
રામ બેસે<br>
ત્યાં જ<br>
કૈકેયી માંગે વચન.<br>
ખોયાં રાજપાટ<br>
ચોપાટમાં<br>
વેઠ્યો<br>
વનવાસ બાર વર્ષ.<br>
રાજ સિંહાસન<br>
રાજપાટ<br>
છોડી<br>
મીરાં થઈ કૃષ્ણ ભક્ત.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---

**NOG SS NO - 0037**

વિષય - રાજપાટ,રાજ સિંહાસન....!

વિભાગ - પદ્ય.

શીર્ષક - રાજ અદ્રશ્ય શકિતનું.

યુગો...યુગો....આવ્યાં ગયાં,<br>
વાયુ વેગે સમય આવ્યો....ગયો.....!<br>
સતયુગ, ત્રેતાયુગ, દ્વાપર, કલિયુગ,<br>
માનવ,દાનવ,રામ,કૃષ્ણ આવ્યાં...ગયાં....!<br>
રાવણ રાજ્ય,રામ રાજ્ય,કૃષ્ણલીલા,<br>
સત્યનો વિજય હર યુગમાં થયો..!<br>
રાજાઓનું રાજપાટ ગયું,<br>
બાદશાહોની બાદશાહી ગઈ.....!<br>
અગણિત મહાનુભાવો,<br>
સંત,શૂરા,જોગી,ભોગી, ભોમાં ભંડારા...!<br>
ભૂતકાળ, વર્તમાનના કાગળ પર,<br>
ઇતિહાસ બની ચિત્રાયો....!<br>
આજનો સમય રાજ, રાજકારણનો,<br>
અહીંયા કણ- કણ માટે વિવાદ...!<br>
જોરું, જળ,જમીન, પદ,પ્રતિષ્ઠા, માટે,<br>
સંબંધો સ્વાર્થના અહીંયા...!<br>
ધર્મના નામે ધંધો ચલાવે,<br>
હે, પ્રભુ તારા બનાવેલા તને બનાવે...!<br>
શું તું રુઠ્યો છો, માનવજાતથી ?<br>
'કહેર' આ અદ્રશ્ય શકિતનો શાને વરસાવે...?<br>
રામરાજ્ય ફરી આવે,મોરલી કાનાની વાગે,<br>
રાધા સંગ, સમસ્ત બ્રહ્મમાંડ ઉત્સવ મનાવે....!<br>
'હેમ ' ની પ્રાર્થના, હૈયે ધરજો,<br>
હે, પ્રભુ વિશ્વમાં મંગલ શાંતિ આપો.....!

હેમલતા દિવેચા.

---

**NOG SS NO- 0088**

વિષય શબ્દ- રાજ, રાજપાટ, રાજ સિહાસન, રાજવી પરંપરા..

પ્રકાર- પદ્ય

શીર્ષક- સમયની આંખે સત્તા પરિવર્તન..

મગધ હોય કે મથુરા, અહમ્ સત્તા એ સેવાતો..<br>
હોય સોનાની! લંકા તેમાં સદા રાવણ થઈ વસતો..<br>
ખટરાગોને, ખટપટોથી રાજસિંહાસન થઈ ચાલતો..<br>
અટપટી! આંટીઘૂંટી યુક્ત રાજપાટનું દ્યુત હારતો..<br>
છળકપટ, કુળકપટ, તંત્રમંત્રની! રાજરમતે સેવાતો..<br>
રાજમહેલ, ભવ્ય મોલાતો, ઠાઠ ભર્યો દરબાર સજાતો!..<br>
સમયની આંખે! જોઈ મેં, સત્તા પરિવર્તનોની તાકાતો..<br>
કાળચક્રનું ફરતું પૈડું! યુગોયુગોથી સદા વિહરતું!..

ડો. મનીષા વ્યાસ,અમદાવાદ

---

**NOG SS No-0011**

સાહિત્ય સરિતા

વિભાગઃ- પદ્ય

પ્રકારઃ- મૌલિક રચના

શીર્ષકઃ- કાના તારાં રાજ છે

દિલ પરનાં રાજ ને દુનિયા<br>
પર કાના તારાં રાજ છે.<br>
ગોપી સંગ રાસ રમતાં<br>
દિલે કાના વ્હાલાં રાજ છે.<br>
રૂમઝૂમ કરતી ગાયો આવે<br>
ગોકુળમાં ગોવાળો સંગ,<br>
ગોવાળો સંગ કાનાની<br>
વાંસળીનાં સૂરીલા રાજ છે.<br>
અગિયાર અક્ષૌહિણી સેના<br>
કૌરવોને યુદ્ધમાં આપી,<br>
અર્જુનનાં રથનો સારથીનું<br>
યુદ્ધમાં રાજા રાજ છે.<br>
મથુરાની પ્રજાને કંસના<br>
ત્રાસથી છોડાવે એ કાનો,<br>
દ્રોપદીનાં પોકારે હજાર ચીર<br>
પૂરનારનું સખા રાજ છે.<br>
પ્રીત વગર પૂરી ના થઇ,<br>
રાધા ને કાનાની જિંદગી,<br>
સોળ હજાર ગોપી ને મીરાંનાં<br>
'મન' પર કાના રાજ છે.

મનોજકુમાર પંચાલ,<br>
'મન', પાલનપુર

---

**NOG SS No-0075**

વિષય : રાજ, રાજપાટ, રાજસિંહાસન, રાજવી પરંપરા

પ્રકાર : પદ્ય

શીર્ષક :રાજધર્મ

રાજાજી ઓ રાજાજી<br>
સૂણો આ રાંક પ્રજાનો પોકાર<br>
વ્યાપ્યો એક અજાણ્યો રોગ<br>
રૈયતને રંજાડે પારાવાર !<br>
એક દિવસનું, એક મહિનાનું<br>
કે હોય વરસનું કમઠાણ,<br>
રાજસહાય સંગે સહન કરતાં<br>
ના લાગે જરાયે ભાર !<br>
ગયો ગ્રીષ્મને આવ્યો ફરી આ<br>
કાલમુખો એજ સમય,<br>
ખેડૂ , શ્રમિક, વ્યાપારી સૌ છે<br>
બંધાયા અકર્મની જંજીરે!<br>
વિના કર્મની વાવણી, શી રીતે<br>
મહોરશે આ જીવતરનો મોલ<br>
ભાવિ અમારું ભીષણ ભાસે<br>
વિનાશ ભયાનક ઝોલ !<br>
પ્રગટાવો મશાલ એ રાજધર્મ<br>
હવે દોરે રાજસિંહાસન<br>
મરણતોલ જનતાને કાજે<br>
અમૃતજલનાં સિંચન !

કૌમુદી સોની

# સરકાર હજુ આંકડાઓ છુપાવી ને ગઈ સાલ ની જેમ પાપ કરી રહી છે

સરકાર હજુ આંકડાઓ છુપાવી ને ગઈ સાલ ની જેમ પાપ કરી રહી છે.ગુજરાત ની નામી વ્યક્તિઓ આ કાળ મુખા શાશન માં આપણપા વચ્ચેથી સરકાર ની બેજવાબદારી ભર્યા શાશન ના લીધે જઈ રહી છે. પાટનગર માં ખાલી કાલે ૪૫,આગલે દિવસે ૪૧ હતા,તેના આગલે દિવસે ૩૪ હતા..આટલા મૃત્યુ થતાં હોય તો મહાનગરો અને ગુજરાત ના PHC સેન્ટર,હોસ્પિટલ ના આંકડા,પ્રાઈવેટ ના આંકડા કેટલા હશે...હજુ કેટલું પાપ આ ભાજપ ના કદાવર નેતાઓ એ કરવું છે.સાત જનમ માં આવા પાપ ધોશો તોયે પૂરું નહિ થાય..મહાનગરો ને ભગવા ખેસ ધારણ કરવી વાંદર સેના લઈ ભાજપાના રંગે,ઈવીએમ ના સહારે ભગવું કરવા નીકળેલા આજે વિત આપનારા સ્મશાન અન હોસ્પિટલ ની લાઈનો માં ઉભા છે.શરમ કરો બેરંગી ફિરંગીઓ ને સારા કહેવડાવો તેવા તમે દેખાયા, ચિતરાયા... હવે તો શરમ કરો? જ્યા જુવો ત્યાં તમારો ભગવો ભ્રષ્ટાચાર માં પકડાય?

હજુ દવાખાનાઓ ,સિવિલ..પ્રાઈવેટ બધે ઈન્જેક્શન


મહાનગરપાલિકા વિસ્તારમાં ૭૯ કેસ સાથે સેકટર-૫ હોટસ્પોટ:જિલ્લામાં

**કોરોનાનો નવો રેકોર્ડ:૧૨૯ કેસ:૪૫ મોત**

કોરોનાની સ્થિતિ વકરી રહી છે ત્યારે

**કોર્પોરેશન વિસ્તારમાં રેપિડ ટેસ્ટ કીટની અછતઃટેસ્ટીંગ પણ મર્યાદિત કરી દેવાયું**

ગાંધીનગરમાં વધતાં જતાં સંક્રમણ વચ્ચે

**કોર્પોરેશનમાં કોરોના બ્લાસ્ટ ૨૯ કર્મચારીઓ સંક્રમિત થયા**

ના કાળા બજાર...એડમિશન મળતા નથી..ભગવા દલાલો ને કોઈ લાંજ.ઈજ્જત શરમ નથી..હજુ સચિવાલય ના મંત્રીઓ અધિકારીઓ ની ભલામણો થી બધું અંદર ખાને થઈ રહ્યું છે.. કમલમ માત્ર વોટ બેંક ની ભીખ ખાતર અન્યાય કરી પોતાના લોકો ને જેમ અમિત શાહ નોટબાંધી માં સાચવી લીધા હતા તેમ સાચવી રહ્યા છે..કોઈ ભગવો ક્યાંય લાઈનમાં ઊભો રહેલી જોયો નથી..છાકટા બની ને દવાખાના ની બહાર ભાજપ નો ખેસ નાખી ને હજુ માર્કેટિંગ કરી રહ્યા છે. કાળ મુખાઓ ને હજું કેટલી લાશો જોવી છે.... રામ મંદિર ના નામે સર્યુ નદી ના કિનારે..ઢગલો કરીને પેટ્રોલ,કેરોસીન છાંટી ને લાશો બાળી હતી...અયોધ્યા કાંડ...ગોધરા કાંડ...વિસનગર કાંડ, સરદારપુરા કાંડ..ગુલમર્ગ કાંડ....૧૬ નકલી એક્રાઉન્ટર...ગૃહ મંત્રી તડીપાર ગુજરાત...માંડવી બીચ માનસી સોની નવાબી પ્રેમ પ્રકરણ...બાદ જાશુષી કાંડ....શું હજુ આ ભગવા ધરાયા નથી?

૨૫ વરસ માં ગુજરાત ને અઢી લાખ કરોડ થી વધારે દેવામાં નાખી ને કાળ મૂખાઓ મહેલો માં રહી હવાઈ જહાજો માં ફરતા થઈ ગયા..ગુજરાત ની જનતા સ્મશાન ની લાઈનો,હોસ્પિટલ ની લાઈનો માં તડફી રહી છે..

રાજકોટ,બરોડા,મણિનગર...એક પછી એક છાપરા કુદતા કુદતા પ્રજા ને ઠાલા વચનો આપી નવાબ દિલ્હી જઈને બેઠા છે. મોંમાં થી મગ નુંનામ મરી પડી શકતો નથી....બંગાળ ની સભાઓ ગજવવા જાય છે..કેટલા માનવ હત્યા ના યુદ્ધ કરી રાજ્યો કબ્જે કરવા છે?

રાહ જોઈ બેઠો હશે કે ક્યારે બધું શાંત થાય ને સ્ટેચ્યુ ઓફ યુનિટી,રિવર ફ્રન્ટ અને જૂનો પ્રેમ લીલા વાળો માંડવી બીચ આંટો મારી પછી મહેમાનો ને લઈને રીબીનો કાપવા આવું..

હવે આ ગુર્જર ધરા.. કાળ બની ને સામી ઊભી રહેશે..પ્રજામાં આ શાશન નો બળવો નક્કી..હજુ સરકાર ની કોઈ ચોક્કસ ગાઈડ લાઈન નથી...હાઈકોર્ટ ના સહારે,બહાને રૂપાણી રામ રાજ સમજી ચલાવી રહ્યા છે..રાજકોટ પોતાના વિસ્તાર ને ગુનેગારી ની નગરી બનાવી દીધી..આજે કોરોના સૌથી વધુ ત્યાં ત્રાટક્યો છે..

હજુ હવે રાજકીય કર્મ નો હિસાબ કિતાબ બરાબર થશે તેવું દેખાઈ રહ્યું છે...

અમે તો માનવતા નો ધંધો લઈને બેઠા છીએ એટલે આવા નાપાક લોકો થી અમને ક્યારેય ના ફાવે..ને ભાષા માં આ રાજા,વાજા ને વાંદરા સમજે તે સમજાવું પડે...સુધી તો ઠીક છે નહિ તો પછી. ........

એક હિ આગ..જન ફરિયાદ....ન્યૂઝ ઓફ ગાંધીનગર..દૈનિક

## શ્રધ્ધાંજલિ




છેલ્લે સુધી સોશિયલ મીડિયામાં વાત કરતા સાહિત્યિક સર્જક,પ્રેમાળ સ્વભાવ, લતા દીદી એકાએક આપણી વચ્ચે થી ચાલ્યા જવાનું ભારે દુઃખ....છેલ્લા શબ્દો હતા કે હું આવું એટલે તમારા સાહિત્ય સરીતા વિભાગ ૧ ની ફી ભરી દઈશ પણ મને સમાચારો અને પેપર મોકલતા રહેજો...

ભગવાન તેમના આત્મા ને શાંતિ આપે.

NoG સાહિત્ય સરિતા ગ્રુપ -૧, જન ફરીયાદ દેશ વિદેશ , ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક પરિવાર વતી શ્રધ્ધાંજલી અર્પિત કરુ છું

એડિટર : પ્રદીપ રાવલ.ગાંધીનગર.ગુજરાત

પૂજ્ય,લતાદીદી આજે અમારી વચ્ચે નથી રહ્યા.??

પરંતુ સદાય પ્રેરણાદાયી અલબેલી જિંદગી જીવી ગયા. કેન્સર જેવા મહારોગનેતો × તારી ઐસી કી તૈસી ×કરી હૈયામાં દબોચી કાયમ ચૂપ કરી દેતા.નિખાલસ સ્વભાવ અને સદા હસ્તો ચહેરો એ એમની આગવી ઓળખ રહી. અમારા તોફાની તાંડવ પરિવારના કવિગણમાં સહુના લાડકા અને આદરણીય રહ્યા. પરિવારના સાચા અર્થમાં મોભી હતા.અમારા કોઈ પણ સાહિત્યના કાર્યક્રમમાં જેવા હાજર થાય તેવો તુરંત અમારા આખા સાહિત્ય પરિવારનો મોભો વધી જતો.એ અમારું પણ સદભાગ્ય હતું. પૂજ્ય લતાદીદી× વેલ × નામના તખલ્લુસને સાર્થક કરી ગયા. અમારા સહુના માટેતો ×ગરમાળાની વેલ×જેવા હતા. પરંતુ વિધીના લેખ તો જુઓ.. ઉનાળામાં ભરતડકે ગરમાળાની વેલ ઉગીને ખૂબ ફાલે ત્યારે જ આ વેલ... અંતે તો ઈશ્વરને જે ગમ્યું તે ખરું. પ્રભુ એમના પરિવારને આવી પડેલ આપત્તિ અને દુઃખ સહન કરવાની શક્તિ આપે અને પૂજ્ય.દીદીના આત્માને મોક્ષ આપે. ભરત ત્રિવેદી

### ભાજપના રાજમાં જ ભાજપ સાશિત રાજ્યો બેહાલ

# ઘરના ઘંટી ચાટે ને પાડોશી ને ત્યાં આંટોઃવશરામભાઈ સાગઠીયા

રાજકોટ મહાનગરપાલિકાના પૂર્વ વિરોધપક્ષના નેતા વશરામભાઈ સાગઠીયા અને કોર્પોરેટર મકબુલભાઈ દાઉદાણી એ કોરોના મહામારી સંદર્ભે જણાવ્યું છે કે હાલ રાજ્યમાં રેમડેસીવીર અને ઓક્સીજન તેમજ હોસ્પિટલમાં બેડની અછતથી નિર્દોષ લોકોના મૃત્યુ થઇ રહ્યા છે ત્યારે ગુજરાતમાં જ ઉત્પાદન થતા રેમડેસીવીર , ઓક્સીજન ની તાતી ઘટ પડી રહી છે ત્યારે લોકોને મદદમાં આવવાની જગ્યાએ રાજ્ય સરકારને કમાણી કરવામાં રસ છે આથી ગુજરાત રાજ્યમાં અનેક નિર્દોષ લોકોએ સરકારની લાપરવાહી થી પોતાની જાન ગુમાવવી પડી રહી છે.

શ્રી વશરામભાઈ સાગઠીયા એ જણાવ્યું છે કે ગુજરાત રાજ્યમાં ભાજપની સરકાર હાલ શાસન કરી રહી છે અને ગુજરાતમાં રેમડેસીવીર અને ઓક્સીજનનું ઉત્પાદન ભરપુર થઇ રહ્યું હોય ત્યારે બીજા રાજ્યમાં બેઠેલી ભાજપ સરકાર જ આ દવાનો જથ્થો હાથમાંથી લઈજઈ રહી છે ત્યારે ગુજરાત રાજ્ય સરકાર શું કરી રહી છે એ ખબર નથી પડતી અને લોકોમાં પણ આ ચર્ચા લોકમુખે ચર્ચાઈ રહી છે કે ''ઘરના ઘંટી ચાટે ને પાડોશી ને ત્યાં આંટો''.

આ ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે ગુજરાતમાં બેઠેલી ભાજપની રાજ્ય સરકાર કોઈ જ વસ્તુ ને અંકુશમાં રાખી શકતી નથી અને અંબાણી,અદાણી, ઝાયડસ, વગેરે જેવા ઉદ્યોગપતિઓ જ આ સરકારને ચલાવે છે આથી આ ભાજપ સરકાર પાસે રાજ્યમાં ઉત્પાદન થતી વસ્તુઓ અને કોવીડમાં સંજીવની જડીબુટ્ટી સમાન રેમડેસીવીર અને ઓક્સીજન સહિતની નિકાસો ઉપર રાજ્ય સરકારના હાથમાં કોઈ જ અંકુશ નથી જેથી આ નિષ્ફળ સરકાર શાબિત થવાના પુરાવા છે.

શ્રી મકબુલભાઈ દાઉદાણીએ જણાવ્યું છે કે સરકારની જાણ બહાર જ રેમડેસીવીર અને ઓક્સીજનનો જથ્થો બીજા ભાજપ સાશિત રાજ્યમાં ગયો છે એટલું જ નહી પરંતુ રેમડેસીવીરની જયારે સમગ્ર ભારતદેશમાં અછત છે ત્યારે પાંચ હજાર ઈન્જેશ્ન સી.આર.પાટીલ પાસે ક્યાંથી આવ્યા ? તેની તપાસ કેન્દ્રમાંથી થવી જોઈએ તેની બદલે ભાજપ સરકાર તેને છાવરી રહી છે.

કોરોનાથી પીડાઈ રહેલા ઘણાં દર્દીઓ માટે રેમડેસીવીર ઈન્જેક્શન જીવનદાન સમાન છે ત્યારે રાજ્યમાં માર્યાદિત પુરવઠો હોવાથી આ ઈન્જેક્શનની અછત સર્જાઈ છે આવી પરિસ્થિતિઓમાં થોડા દિવસો પહેલા સુરત ભાજપ કાર્યાલયેથી સી.આર.પાટીલે પાંચ હજાર રેમડેસીવીરનું વિતરણ કર્યું છે કેન્દ્ર સરકાર પણ કહી રહી છે કે રેમડેસીવીરએ એક એન્ટીવાઈરલ દવા છે અને ઓક્સીજનની ઘટ હોય તેવા ગંભીર દર્દીઓને તે આપવા જોઈએ. આટલું જ નથી પણ ગુજરાત સરકારને બદનામ કરવા ઉત્તર પ્રદેશ ભાજપની સરકાર દ્વારા જાહેરાત કરવામાં આવે છે કે ૧૧,૪૦૦ રેમડેસીવીર ઈન્જેક્શનનો જથ્થો અલગ અલગ પ્લેનમાં મોકલવામાં આવ્યો છે અને કુલ ૧૭,૦૦૦ રેમડેસીવીરનો જથ્થો યુ.પી.માં મોકલવામાં આવ્યો છે. આથી આ ગુજરાતમાં બેઠેલી ભાજપ સરકાર નિરંકુશ સરકાર સાબિત થાય છે અને ગુજરાતના મુખ્યમંત્રી અને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી આ બાબતે કોઈ જ જવાબ આપતા નથી અને મૌન સેવીને બેઠા છે.

જો આવી ને આવી પરિસ્થિતિ રહેશે તો હવે લોકોએ સરકારના ભરોસે નહિ પણ ભગવાન ભરોસે જિંદગી જીવવી પડશે અને ભાજપ સરકાર કોરોનાને નાથવામાં સંપૂર્ણ નિષ્ફળ ગઈ છે તેવું પ્રજાજનોને સ્પષ્ટતા થઇ રહી છે અને સરકારના પાપે નિર્દોષ લોકોના મૃત્યુ થઇ રહ્યા છે જેની તમામ જવાબદારી આ નિરંકુશ ભાજપના શાસકોની બને છે. તેવું યાદીના અંતમાં વશરામભાઈ સાગઠીયા અને મકબુલભાઈ દાઉદાણી એ જણાવ્યું છે.

(વિરલ ભટ્ટ)

## ભારત સરકાર અને DRDOના સહયોગથી ગુજરાત સરકારની અભૂતપૂર્વ પહેલ

# અમદાવાદમાં યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટરમાં ૯૦૦ બેડની કોવિડ કેર હોસ્પિટલ ઉભી કરાશે

### મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલની ઉપસ્થિતિમાં કોર કમિટીની બેઠકમાં હોસ્પિટલની કામગીરીની સમીક્ષા કરાઈ

કોરોનાના વધતા જતા સંક્રમણને ધ્યાનમાં રાખીને દર્દીઓને સારામાં સારી સારવાર આપવાની પ્રતિબદ્ધતા સાથે ગુજરાત સરકારે ભારત સરકારના ગૃહ મંત્રાલયના ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO)ના સહયોગથી અમદાવાદમાં ૯૦૦ બેડની સંપૂર્ણ સુવિધાસજ્જ ડેડીકેટેડ કોવિડ કેર હોસ્પિટલ ઉભી કરવાની અભૂતપૂર્વ પહેલ કરી છે. અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન સેન્ટરમાં આગામી બે અઠવાડિયામાં આ હોસ્પિટલ કાર્યરત કરાશે. મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે આજે ગાંધીનગરમાં કોર કમિટીની બેઠકમાં હોસ્પિટલના નિર્માણની કામગીરીની વિસ્તૃત સમીક્ષા કરી હતી.

અમદાવાદમાં ૧૩૨ ફૂટ રીંગ રોડ પર આવેલા ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન એન્ડ એક્ઝિબિશન સેન્ટરમાં ૯૦૦ બેડની ડેડીકેટેડ કોવિડ કેર હોસ્પિટલમાં ૧૫૦ આઈ.સી.યુ. બેડ હશે, જ્યાં ૧૫૦ વેન્ટિલેટર્સની વ્યવસ્થા પણ હશે. તમામે તમામ ૯૦૦ બેડ ઓક્સિજનની સુવિધા સાથેના હશે. જો જરુર પડે તો વધુ ૫૦૦ પથારીઓ વધારી શકાય એવી વ્યવસ્થા પણ રાખવામાં આવી છે. આ હોસ્પિટલમાં પોર્ટેબલ એક્સ-રે મશીનની પણ સુવિધાઓ ઉપલબ્ધ કરાવાશે. કોરોનાના દર્દીઓને સારામાં સારી સારવાર મળી રહે એવું તમામ આયોજન કરવામાં આવ્યું છે.

મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ હોસ્પિટલના સંચાલન અને વહીવટ માટે ઉપયોગી સૂચનો કર્યા હતા. ગુજરાતમાં કોરોનાના દર્દીઓને સારામાં સારી સારવાર આપી શકાય એ માટે વ્યવસ્થાઓ વધારવામાં મદદરૂપ થવા ગુજરાત સરકારે ભારત સરકારને વિનંતી કરી હતી. પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે ગુજરાતની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને આ અભૂપૂર્વ પહેલને સાકાર કરવામાં મદદ કરી છે. મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ માટે કેન્દ્ર સરકારનો આભાર માન્યો છે.

અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન સેન્ટરમાં આગામી બે અઠવાડિયામાં આ હોસ્પિટલ ઉભી કરાશે. જેના સંચાલનની જવાબદારી રાજ્યના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના અગ્ર સચિવ શ્રી અંજુ શર્માને સોંપવામાં આવી છે. ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. હિમાંશુ પંડયા અને ડીઆરડીઓના કર્નલ બી. ચૌબે ઉપરાંત ગુજરાત સરકારના સંલગ્ન વિભાગના અધિકારીઓ આ હોસ્પિટલના સંચાલનમાં સહયોગ આપશે. ૯૦૦ બેડની આ હોસ્પિટલમાં ઈન્ટેન્સિવ અને ક્રિટીકલ કેરની સુવિધા હશે. આ સ્થળે દર્દીઓ માટે ટોઈલેટ-બાથરૂમ જેવી તમામ સુવિધાઓ હશે. હેલ્પડેસ્ક ઉપરાંત દર્દીઓ અને તબીબો તથા પેરામેડીકલ સ્ટાફ માટે ભોજન-નાસ્તાની વ્યવસ્થા હશે. ફરજ બજાવતા તબીબો અને પેરામેડીકલ સ્ટાફ માટે રેસ્ટરૂમની વ્યવસ્થા પણ ઉભી કરાશે.

આગામી બે અઠવાડિયામાં આ હોસ્પિટલ કાર્યરત થઇ જાય તે માટે અગ્રતા અને યુદ્ધના ધોરણે કામ શરૂ કરવા માટે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ DRDO ના કર્નલ બી. ચૌબે અને અગ્ર સચિવશ્રી અંજુ શર્માને જરુરી સૂચનાઓ આપી હતી જેથી અમદાવાદમાં કોરોનાના દર્દીઓ માટે તાકીદે વ્યવસ્થા ઉભી કરી શકાય.

## નર્મદા જિલ્લા આયુર્વેદ વિભાગ દ્વારા

# ગ્રામ્ય વિસ્તારોમાં કન્ટેનમેન્ટ તથા બફરઝોનમાં સંશમની વટી, આર્સેનિક આલ્બમ-૩૦ દવાનું વિતરણ



રાજપીપલા,તા ૧૬

આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગની માર્ગદર્શિકા મુજબ જિલ્લા કલેક્ટર ડી.એ.શાહના માર્ગદર્શન અને રાહબરી હેઠળ જિલ્લા આયુર્વેદ અધિકારીડૉ.નેહા પરમારની આગેવાની હેઠળ નર્મદા જિલ્લામાં કોરોનાના સંક્રમણથી બચવા અને લોકોમાં રોગપ્રતિકારક શક્તિ વધે તે હેતુસર જિલ્લા આયુર્વેદ વિભાગ દ્વારા જિલ્લાના નાંદોદ તાલુકાના લાછરસનું વાડી ફળીયું, નવી નગરી ગુવાર રોડ ફળિયા ઉપરાંત તરોપા, પ્રતાપનગર, ધાનપોર, ભદામ સહિત જિલ્લાના જુદા જુદા ગ્રામ્ય વિસ્તારોમાં કન્ટેનમેન્ટ તથા બફરઝોનમાં આયુર્વેદમાં ગળો-ધનવટી (સંશમની વટી) અને હોમિયોપેથી આર્સેનિક આબ્લમ-૩૦ દવાના વિતરણની કામગીરી સઘન રીતે કરવામાં આવી રહી છે. હોમિયોપેથી રક્ષણાત્મક ઉપાય તરીકે આર્સેનિક આબ્લમ-૩૦ પોટેન્સી ગોળી આજે ૧૧૩૨ લોકોને વિતરણ કરાઈ છે.

સાગબારા તાલુકાના હોમિયોપેથી મેડીકલ ઓફીસર ડૉ. પિનાકીન પરમારે જણાવ્યું હતું કે, નોવેલ કોરોનાની મહામારી ચાલી રહી છે ત્યારે આરોગ્યતંત્ર દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે તેની સાથોસાથ જિલ્લા આયુર્વેદ વિભાગ દ્વારા આયુષ મંત્રાલયની માર્ગદર્શિકા મુજબ શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં જે વિસ્તાર કન્ટેનમેન્ટ તથા બફરઝોન હોય ત્યાં સંશમની વટી અને હોમિયોપેથિક આર્સેનિક આબ્લમ-૩૦ દવાના વિતરણની કામગીરીની સાથોસાથ લોકોને માસ્ક પહેરવાં, વારંવાર હાથ અને સોશિયલ ડિસ્ટન્સ જાળવવાનું પણ સમજાવી રહ્યાં હોવાનું તેમણ ઉમેર્યું હતું..

આયુર્વેદ શાખાની કામગીરીમાં આયુર્વેદ મેડીકલ ઓફિસર વૈધ અંકિતા વિરોજા, વૈધ દિવ્યા સોલંકી, વૈધ શ્રધ્ધા જાકાસણીયા, વૈધ રાજેશ પાટીલ, વૈધ આશિષ, વૈધ ધર્મેશ સુતરિયા તથા હોમિયોપેથી દવા વિતરણ ડૉ. સ્વેજલ ગાંધી તથા ડૉ. પિનાકીન પરમાર દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે. તસવીર : જ્યોતિ જગતાપ, રાજપીપલા

# રાજપીપલા ખાતે કલેક્ટર નર્મદાના અધ્યક્ષતા હેઠળ જીલ્લા પ્રવાસન વિકાસ સમિતિની અગત્યની બેઠક યોજવામાં આવી



રાજપીપલા તા ૧૬

રાજપીપલા ખાતે કલેક્ટર નર્મદા-રાજપીપલાના અધ્યક્ષતા હેઠળ જીલ્લા પ્રવાસન વિકાસ સમિતિની અગત્યની બેઠક કોન્ફરન્સ હોલ, કલેક્ટર કચેરી, રાજપીપલા ખાતે યોજવામાં આવીહતી. આ બેઠકમાં નર્મદા જિલ્લાને પ્રવાસન ક્ષેત્રે વધુ સારો ડેવલપ કરવા નીચે મુજબના પ્રશ્નોની અસરકારક રજુઆત કરવામાં આવીહતી.

જેમાં વિસલખાડી ઈકો ટુરિઝમ સાઈટ ખાતે બનાવવામાં આવનાર એન્ટ્રી ગેટની અધુરી કામગીરી તાત્કાલિક ધોરણે પુર્ણ કરવા આવે તથા ૧.૫ કિ.મી જેટલો રસ્તો તાત્કાલિક અસરથી બનાવવામાં આવે તો પ્રવાસીઓ સહેલાઈ ત્યાં જઈ શકશે. તેવા સૂચનો કર્યા હતા. તેમજ જુનારાજ સાઈટ ડેવલપ કરવા અંગે કલેકટરશ નર્મદાને અગાઉ મે મોકલેલ દરખાસ્તમાં જરૂરી ફેરાફાર કરી, નવેસરથી ફરી દરખાસ્ત પ્રવાસન વિભાગમાં મોકલી આપવા સૂચનો કર્યા હતા. તથા હરસિધ્ધિ માતાજી મંદિર ખાતે જે હોલ તોડી પાડવામાં આવેલ છે. તે સ્થળ પર તાત્કાલિક નવો હોલ બનાવવા આવે તે માટે સુચનો કર્યા. તેના અનુસંધાનમાં કલેકટર નર્મદાએ જણાવ્યુ કે હરસિધ્ધિ માતાજી મંદિર ખાતે નવીન હોલની કામગીરી મંજુર થયેલ છે. તે ટૂંક સમયમાં કામગીરી ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, ગાંધીનગર દ્વારા હાથ ધરવામાં આવશે. વધુમાં જિલ્લામાં આવેલ અનેક પવિત્ર ધાર્મિક સ્થાન જેમ કે (૧) જીતનગર મહાદેવજીનું મંદિર. (૨) તિલકવાડા સપ્તમાતૃકા માતાજીનું મંદિર. (૩) રણછોડ રાય રામપુરા મંદિર વગેરે નો પણ વિકાસ કરવા ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડમાં દરખાસ્ત કરવા સૂચનો કર્યાહતા.

આ બેઠકમાં સાંસદ મનસુખ વસાવા સાથે કલેક્ટર નર્મદા, ધારાસભ્ય પી. ડી. વસાવા, નિવાસી અધિક કલેકટર, નાયબ વન સંરક્ષક અધિકારી, કાર્યપાલક ઈજનેર માર્ગ અને મકાન વિભાગ, મુખ્ય ઈજનેર કેવડિયા તથા પ્રવસાન વિભાગ અધિકારીગણ હાજર રહ્યા હતા.તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

## નર્મદા અને વડોદરા જિલ્લા ને જોડતો પોઇચા પુલ આજ થી

# નાના વાહનો માટે શરૂ કરી દેવાતા વાહનચાલકો અને મુસાફરોમા આનંદની લાગણી



રાજપીપલા, તા ૧૬

નર્મદા અને વડોદરા જિલ્લા ને જોડતો પોઇચા પુલ આજ થી નાના વાહનો માટે શરૂ કરી દેવામાં આવ્યો છેજેના કારણે નર્મદા ના વાહન ચાલકો અને મુસાફરો મા આનંદની લાગણી જન્મી છે.

જોકે એસ ટી બસ અને ભારી વાહનો માટે હજુ શરૂ કરવામાં નથી આવ્યો એ વાહનો ને વાયા તિલકવાડા થઈ ને જ વડોદરા જવું પડશે

અત્રે ઉલ્લેખનીય છે કે ૭ નવેમ્બર ૨૦૨૦ ના રોજ આવેલ ભુકમ્પ ને કારણે પુલ ના સેટલમેન્ટ માં નુકશાન થયું હતુંઅને પુલ સેટલમેન્ટ નું સમારકામ કરવાનું હોવાથી ૧૫ માર્ચ થી ૧૬ એપ્રિલ સુધી તમામ વાહનની અવર જવર બંધ કરવામાં આવ્યો હતો.

વડોદરા થી રાજપીપલા જતા વાહનોએ હવે વડોદરા ડભોઇ તિલકવાડા ગરુડેશ્વર થઈ ને રાજપીપલા આવું પડી રહ્યું હતું જે હવે નાના વાહનો પોઇચા પુલ થી અવર જવર શરૂ કરી દેવામાં આવી છે. જેને કારણે ૨૦ થી ૩૦ કિલોમીટર નો ફેરવો વધુ થતો હતો તે હવે નહિ થાય

હાલ કોરોના મહામારી ના પગલે તંત્ર આ માનવીય અભિગમ ને નર્મદા જિલ્લા વાસી ઓ વધાવ્યો છે.તસવીર જ્યોતિ જગતાપ, રાજપીપલા

## વિછીયા ગામે તાત્કાલિક કોવિડ હોસ્પિટલ ચાલુ કરાવવા તેમજ

# રેમડેસીવર ઈન્જેક્શન ફાળવવા સરકારમાં રજૂઆત કરતા પાંચાળ વિકાસ બોર્ડ પ્રમુખ વિનોદભાઈ વાલાણી

સામાજિક અગ્રણી વિનોદભાઈ વાલાણીએ પત્રમાં જણાવ્યા પ્રમાણે વિછીયા તાલુકાના ગામડા ઉપરાંત ચોટીલા સાયલા વિસ્તારના આંતરિયાળ વિસ્તારના લોકો વિછીયા સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે આવી રહેલ છે કોરોના મહામારી અંતર્ગત વિછીયા તેમજ ગ્રામ્ય પંથકમાં બહોળા પ્રમાણમાં કોરોના પોઝિટિવ કેસો સતત સામે આવી રહ્યા છે અને ઘેર ઘેર કોરોના ના લક્ષણો ધરાવતા તેમજ તાવ શરદી ઉધરસ ખાંસી જેવો ભયંકર રોગચાળો ફાટી નીકળ્યો છે સરકારી તેમજ પ્રાઈવેટ દવાખાના દર્દીઓથી ઉભરાયા છે

આ વિસ્તારમાં ભયંકર ગંભીર સ્થિતિ નિર્માણ પામેલ છે વિછીયા સરકારી હોસ્પિટલ ખાતે વેન્ટિલેટર ઓક્સિજન જેવી અદ્યતન સુવિધાઓ ન હોવાથી બહારગામ સીટી ઓમ દર્દીઓને રીફર કરવામાં આવે છે અને કોરોના જેવી ગંભીર બિમારીથી સપડાયેલ લોકોને રસ્તામાં જીવ ગુમાવવાનો વારો આવે છે

વિછીયા હોસ્પિટલ ખાતે કોવિંડ ટેસ્ટ થોડે ઘણે અંશે થાય છે તેમાં પણ સો ટકા રિઝલ્ટ નથી જો અહીં હોસ્પિટલમા આર ટી પીસીઆર ટેસ્ટ કરવામાં આવે અને પુરતા પ્રમાણમા સારવાર મળી રહે તો આ વિસ્તારમાંથી દર્દીઓને રાજકોટ - અમદાવાદ સુધી જવાનાં ધક્કા ના થાય અને ઘણા બધા લોકોના જીવ બચી શકે છે વિનોદભાઈ વાલાણીએ પત્રમા વધુમાં જણાવ્યુ હતું કે વિછીયા માર્કેટિંગ યાર્ડ પાછળ આવેલ કસ્તુરબા ગાંધી વિદ્યાલય ખાતે હાલ કોરોના મહામારી ના કારણે બંધ પડેલ છે આ શાળામાં ૪૦ બેડની હોસ્પિટલ તાત્કાલિક ધોરણે મંજૂર કરી હતી શરૂ કરવામાં આવે અને હોમકોરોનટાઇન થયેલ દર્દીઓને રેમડેસીવર ઈન્જેકશન આપવામાં આવે તો ઘણી માનવ જીંદગી બચી શકે તેમ છે અને ગરીબ લોકોને વિંછીયામાંજ કોવિંડની સારવાર મળી શકે તેમ હોય તાત્કાલીક વિંછીયામા કોવીડ સેન્ટરની ૪૦ બેડની હોસ્પિટલ શરૂ કરવામાં આવે તેવી નમ્ર વિંનંતી કરી છે

## "જીવતી કે પછી મરેલી પણ મને મારી મા પાછી આપો"

# વાત્રક કોવીડ હોસ્પિટલની ઘોર બેદરકારી અન્ય મૃતક મહિલાનો મૃતદેહ પરિવારજનો સોંપ્યો

અરવલ્લી બ્યુરો મઠવાસ

બાયડની વાત્રક હોસ્પિટલમાં ઉભી કરાયેલ કોવીડ-૧૯ હોસ્પિટલની વિભાગની ગંભીર બેદરકારી સામે આવી છે જેમાં કોવીડ મહિલા દર્દીના મૃતદેહ અદલાબદલી થઈ જતા ભારે હોબાળો મચ્યો છે મૃતક વૃદ્ધ મહિલાના પુત્રો અને પરિવારજનો તેમના સ્વજનના મૃતદેહ માટે છેલ્લા ૧૮ કલાકથી હોસ્પિટલમાં રઝળપાટ કરી રહ્યા છે પરિવારજનોએ બાયડ પોલીસને જાણ કરતા બાયડ પોલીસ પણ રાત્રીથી વાત્રક કોવીડ-૧૯ હોસ્પિટલમાં ધામા નાખી તપાસ હાથધરી છે પરિવારજનોએ વાત્રક કોવીડ-૧૯ હોસ્પીટલના જવાબદાર અધિકારીઓ પોલીસને પણ ગોળગોળ જવાબ આપતા હોવાનો આક્ષેપ કરી રહ્યા છે

ડેમાઈ ગામના હંસાબેન ઉમિયાશંકર પિત્રોડા નામની મહિલાને કોરોનાના શંકાસ્પદ લક્ષણો જણાતા શ્વાસ લેવામાં તકલીફ પડતા બુધવારે ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ મારફતે વાત્રક કોવિડ-૧૯ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કર્યા પછી કચ્છ રહેતા તેમના પરિવારજનો હોસ્પિટલ પહોંચતા પહેલા તો આવા કોઈ દર્દી જ દાખલ નથી પછી કોમ્પ્યુટરમાં એન્ટ્રી કરવાનું બાકી રહી ગયું હોવાનું જણાવી વૃદ્ધાના પુત્રો પાસે એડમિશન પ્રક્રીયા પૂર્ણ કરાવી દવાઓ મંગાવી વૃદ્ધાની સારવાર ચાલુ કરવામાં આવી હતી ત્યાર બાદ ગુરુવારે હોસ્પિટલમાંથી તેમના માતાનું મોત થયું હોવાનું જણાવી મૃતદેહ લઈ જવા જણાવતા પરિવારજનો હોસ્પિટલ પહોંચી વૃદ્ધ માતાનો મૃતદેહ કોવીડ-૧૯ સરકારી ગાઈડલાઈન પ્રમાણે ડેડબોડી એમ્બ્યુલન્સમાં સ્મશાનમાં લઈ ગયા પછી પરિવારજનોં શક પેદા થતા ડેડબોડી ખોલી ચેક કરતા તેમની આંખો ફાટી ગઈ હતી તેમને હોસ્પિટલ તરફથી સોંપવામાં આવેલ મૃતદેહ અન્ય કોઈ મહિલાનો હોવાની જાણ થતા અંતિમવિધિ બંધ રાખી હોસ્પિટલમાં મૃતદેહ એમ્બ્યુલન્સ મારફતે પરત મોકલી વૃદ્ધાના પુત્રો હોસ્પિટલના જવાબદાર અધિકારીઓ સામે તેમની માતા "જીવતી કે પછી મરેલી પણ પાછી આપો" ની રજુઆત કરતા સત્તાધીશો સમગ્ર ઘટના અંગે ગલ્લા તલ્લાં કરવા લાગ્યા હતા તેમની માતાનો મૃતદેહ અન્ય પરિવારજનોને સોંપી દીધો કે પછી તેમની માતા અંગે કોઈ ભાળ નહિ મળતા બાયડ પોલીસને જાણ કરતા પોલીસ હોસ્પિટલ પહોંચી હતી તો પોલીસને પણ જવાબદાર તંત્ર શરૂઆતની તપાસમાં સહકાર ન આપતી હોવાનો પરિવારજનોએ આક્ષેપ કરી રહ્યા છે છેલ્લા ૧૮ કલાકથી પરિવારજનો વૃદ્ધ માતાના મૃતદેહ મેળવવા હોસ્પિટલની સામે લાચારી થી બેસી રહ્યા છે વાત્રક કોવીડ-૧૯ હોસ્પિટલની ઘોર બેદરકારી સામે લોકોમાં પણ ભારે રોષ પ્રવર્તી રહ્યો છે

આધારભૂત સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં વાત્રક કોવીડ-૧૯ હોસ્પિટલમાં બે મહિલાઓના મોત નિપજ્યા હતા જેમાં એક મહિલાના પરિવારજનોને હોસ્પિટલે સુપ્રત કરેલ મૃતદેહની અંતિમવિધિ પણ કરી દીધી છે ત્યારે મૃતદેહની અદલાબદલી થઈ ગઈ હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે







## કોરોનામા પણ સેવન ગુણકારી ગુણકારી લીમડાના અનેક ફાયદા

# ચૈત્ર માસમાં લીમડાના રસનું સેવન કરતા નર્મદાવાસીઓ



રાજપીપલા, તા ૧૬

હાલ ચૈત્ર માસ ચાલી રહયો છે. ચૈત્રમાસમાં લીમડાના રસનુ સેવન કરવાનો રિવાજ છે, તેથી નર્મદા વાસીઓ ચૈત્રમાસમાં લીમડાના રસનું સેવન કરતા થયા છે.ચૈત્ર માસમાં ઠંડી અને ગરમી બે-રૂતુઓ ની સંધી થાય છે. તેનાથીશરદી, ખાંસીસ્વાઈન ફ્લૂ ઉપરાંત પાચન શક્તિ નબળી પડી જાય છેતેથી ઘણા રોગો થવાની શક્યા છે. તેથી મોટે ભાગે લોકો ચૈત્ર માસમાં લીમડાના રસનુ સેવન કરે છે. તેનાથી કફ, પીત્ત, અને વાતની બીમારીથી બચી શકાય છે. આયુર્વેદમાં કહેવાયું વાયુ છે કે જેના ઘર આંગણે લીમડો હોય તેના ઘરે કદી બીમારી આવતી નથી.લીમડાના કડવાસથી મચ્છરો તેમજ બેકટેરીયા ,જીવજંતુઓનો નાશ થાય છે. અને વાતાવરણ શુદ્ધ બને છે. આજે પણ ગામડાના લોકો લીમડાનું દાતણ કરે છે. લોકો ચૈત્ર માસમાં લીમડાના પાન તોડી લાવે છે અને તેને પાણીથી ધોઈ તેને છૂંદીને તેનો રસ ગાળીને લીમડાનો રસ પીવે છે. નર્મદાના આયુર્વેદ અધિકાર ડો.નેહા પરમાર જણાવે છે કે ચૈત્ર માસમાં ઠંડી અને ગરમી બેઋતુઓ ની સંધી થાય છે. તેનાથી શરદી, ખાંસી, સ્વાઇન ફ્લૂ ઉપરાંત પાચન શકિત નબળી પડી જાય છે, તેથી ઘણા રોગો થવાની શક્યા છે, ડાયાબીટીઝ વાળા દર્દીઓ માટે પણ લીમડાના રસનું સેવન કરવાથી રોગ પ્રતિકારક શકિત જેનીઘટી ગઈ છે તેને ઘણો ફાયદો થાય છે. ૧૫ થી ૨૦ મીલી ની માત્રામાં લીમડાના રસનુ સેવન ૭થી૧૦ દીવસ સુધી કરવાથી રોગો થવાની સંભાવના ઘટી જાય છે.હાલ લોકો ઘરે ઘરે લીમડાના પાન તોડી લાવી તેમાથી રસ બનાવી લીમડાના રસનું સેવન કરતા થયા છે. તસવીરઃ જ્યોતિ જગતાપ,રાજપીપલા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.